શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ



જુન-૨૦૧૯ અંક - ૬ વર્ષ ૫૬ સળંગઅંક ૪૬૪ માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂ.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

## નવયુગ શુભેચ્છક
### સાતમી પૂણ્યતીથીએ હાર્દિક શ્રંદ્ધાંજલિ



## સ્વ. જેકોરબેન વિઠલદાસ પંચોલી

જન્મ : ૨૪:૧૧:૧૯૨૦ સ્વર્ગવાસ : ૦૭:૦૬:૨૦૧૨

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય, પરમાર્થ જેની ભકિત તથા
દિર્ઘદ્દષ્ટિ વાળું આયોજન અને સમજણ પૂર્વકની કરકસર હતી.
એવા અમારા પૂ. જેકોરબા ચંદન જેવું જીવન જીવીને શીતળતા
અમો સૌને આપી ગયા, ખુદ ઘસાયને સૌને કાજે સૌરભ બની
પ્રસરી ગયા, આપનો પરોપકારી વ્યવહાર કુશળ કુટુંબ ભાવનાના
અમો સૌને દર્શન કરાવી સુખ સાગરમાં વહેતા મુકી ગયા....
પરોપકાર આપનું રટણ હતું અને પરિશ્રમ આપનું કર્તવ્ય હતું
આવો સંસ્કારિક વારસો અમો સૌને આપી આપ દત્તશરણ થયા..
આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે એજ
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ કોટી કોટી વંદન

### અર્પણકર્તા

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર **2012-2032**

## નવયુગ શુભેચ્છક
### સાતમી પૂણ્યતીથીએ હાર્દિક શ્રંદ્ધાંજલિ



## સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી

જન્મ : ૧:૧:૧૯૨૭ ઉ.વ. : ૮૫ સ્વર્ગવાસ : ૦૯:૦૬:૨૦૧૨

‘ પડખે ઉભા રહી ટેકો દીધો સદા,
આજે સાદ તમારો સંભળાય નહીં.
સહવાસની સુવાસને કદીય વિસરાય નહીં,
કંડારી ગઈ એક નવી કેડી ખેલદીલી તમારી.
જીંદગી જીવવાની, સદા નત મસ્તકે નમન કરીએ,
આપની જીવન જીવવાની રાહને.
અમ અંતરે, હૈયે રહેશો આપ સદા.....’ એજ અમારી
પ્રાર્થના

### અર્પણકર્તા

કિરણ મણીલાલ પંચોલી    અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી    અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી
અ.સૌ. હેતલ અક્ષર ગાંધી    શ્રી અક્ષર જયેશભાઈ ગાંધી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીગ,
બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

**2012-2032**

પંચોલી નવયુગ શુભચિંતક    સ્વ. શાંતિલાલ ખુશાલદાસ મિસ્ત્રી    મુંબઈ    ગં.સ્વ.હસુમતીબેન ડાહ્યાભાઈ મિસ્ત્રી    મુંબઈ

# હાર્દિક શ્રધ્ધાંજલી



**સ્વ. ગં.સ્વ. કલાબેન દિલીપકુમાર પંચોલી (ઉ.વ.૬૧)**
જન્મ ૨૮.૦૨.૧૯૫૮ સ્વર્ગવાસ : ૧૩.૦૩.૨૦૧૯

મારી માં જ મારા માટે ભગવાન છે. તેના ચરણોમાં રહેવું વરદાન છે.
તેનો હાથ માથા પર છે તો સુખ છે, નહી તો મારં જીવન ક્યાં આસાન છે..
પ્રભુ આપના આત્માને ચિર: શાંતિ અર્પે
એજ અમારા સૌની પ્રાર્થના....

## અર્પણકર્તા

રેશ્માબેન અને ભાવેશકુમાર ઝવેરી-પ્રાર્થના સમાજ
તેજલબેન અને કેતનકુમાર પ્રદીપ પંચોલી-કેનેડા
જીગીશાબેન અને શશાંક દિલીપકુમાર પંચોલી-વિરાર

*Dadi, we all miss you*
Bhavi, Aaditya, Ria, Heer, Vidhi, Dev

C-201, Sudha Enclave, Y.K.Nagar, N.X.Road,
Nr. Expert School, VIRAR(West) 401 303

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૯ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજયુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

- ❖ S.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ....
- ❖ H.S.C. માં **૭૦** % કે તેથી વધુ ગુણ મેળવનાર....
- ❖ I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજયુએશન, પોષ્ટ ગ્રેજયુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના _પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરું સરનામું, મોબાઇલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ_ વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડ્યા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે
- ❖ કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.
- ❖ ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની _માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો......._
- ❖ **કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૭.૨૦૧૯ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી.**

## વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી... વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી

**S.S.C. અને H.S.C. ની માર્કસીટ પાછળ પર્સન્ટાઈલના ટકા કરી લખી મોકલવા વિનંતી... એડ્રેસ અવશ્ય લખવું.....**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ,
ઓ. બેક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

**ઓગસ્ટ માસ પછી HSC અને SSC ના ફોટા પ્રકાશિત કરવામાં આવશે નહી.. જેમની ઈચ્છા હોય એ રૂા. ૧૫૦/- કે દિવાળી અંકમાં જાહેરાત આપી પ્રકાશિત કરી શકશે.**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**જુન-૨૦૧૯**

तमसो माँ ज्योतिर्गमय

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રીની કલમે...



વ્હાલા જ્ઞાતિજનો

કુશળ હશો...

તા. ૨૩.૦૫.૨૦૧૯ના રોજ જનતા જર્નાદને માનનીય નરેન્દ્રભાઈની સરકાર પર વિશ્વાસ મુકી બહુમતી મેળવી તા. ૩૦મેના રોજ માનનીય નરેન્દ્રભાઇ મોદી સત્તારૂઢ થયા...સૌનો સાથ, સૌનો વિકાસ + વિશ્વાસ = ભારતદેશના સુત્રને સાકાર કરવાની તેમને પ્રભુ બળ, બુધ્ધિ અને શકિત આપે અને આપણો ભારતદેશ વિશ્વમાં નામના મેળવે એવી શુભેચ્છાઓ..


ભાજપની જીતના જશ્નના પડઘમ હજી શાંત થયા ન હતા ત્યાં સુરત મુકામે એક કોમ્પલેક્ષમા આગ લાગી અને દુઃખદ અને કરૂણ ઘટના બની ગઇ.. એમાં ચાલતા ટયુશન કલાસના ૨૦ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ આગમાં ભડથુ થઇ ગયા.... મૃત્યુ પામેલ સર્વેના આત્માને પ્રભુ શાંત આપે અને ઘાયલ થયેલા જલ્દી સારા થઇ જાય એવી પ્રભુપ્રાર્થના..

હમણાં કારોબારી સભા મળેલ જેમાં નવયુગ અંગે ચર્ચા વિચારણા થઇ હતી... નવયુગ ખોટમાં જાય છે... અને આ રીતે ધીરે ધીરે ખોટ વધશે તો કદાચ એના માટે વિચારવાનો સમય આવશે... પરંતુ આપણું નવયુગ એવું છે કે પંચોલી સમાજને ધબકતો રાખે છે.. અને એનો દાખલો સ્વયં ગ્રુપ. મુદુતાબેનના નવયુગમાં આપેલ લેટરનો પડઘો... અને નવયુગનાં સંસ્થા સમાચારમાં સ્વયં ગ્રુપે પણ એન્ટ્રી મારી દીધી જેવી રીતે આજથી ૫ થી ૬ વર્ષ પહેલા મહિલા મંડળે મારી હતી અને આજ સુધી ચાલુ જ છે.. આથી નવયુગ માટે કાંઇક વિચારો.... નવયુગમાં આપણાં અહેવાલો શોર્ટમાં આપીએ, અલંકૃતભાષા વાપરી સમાચાર લાંબા ન કરીએ એકના એક શબ્દો વારંવાર ન વાપરીએ... અને હા તમારું એકમ કાંઇ વિશિષ્ટ પોગ્રામ કરે કે મહામંડળના કોઇ પોગ્રામ કરે ત્યારે નવયુગને અવશ્ય કુલ નહીને કુલની પાંખડી આપીએ... તો એ પાંખડીઓ નવયુગ માટે ઓકસીજનનું કામ કરશે.. વાત જરા ધ્યામાં લેશો...

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સૈ.સ.મહામંડળ
૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો,

કુશળ હશો..

બાળકોનું વેકેશન ચાલી રહ્યું હશે. ઘણાં ફેમીલીએ બહાર ફરવા જવાનો પોગ્રામ પણ બનાવી લીધો હશે અને આ અંક મળશે ત્યાં સુધીમાં સૌ ફરી પોતાના રૂટીનમાં ગોઠવાય ગયા હશે...જે વિદ્યાર્થીઓએ ધો. ૧૦ અને ૧૨ પાસ કર્યુ છે તેઓને ખૂબ જ શાંતિથી વિચારી આગળનો અભ્યાસક્રમ/લાઇન પસંદ કરવા વિનંતી. સૌને પોતાની મનપસંદ લાઇન મળે એવી શુભેચ્છાઓ.. જેઓના ધાર્યા માર્ક નથી આવ્યા તેઓએ નિરાશ થવાની જરાય જરૂર નથી. અગણિત લાઇનો છે તમારા માટે વિચારો કે સમાજમાં માત્ર ડોકટરો અને એન્જીનીયરો જ હોય તો ? સ્વ. સી.ટી.મિસ્ત્રી સ્મારક નિધિ અને વ્યારા એકમ આ બાબતે એક પોગ્રામ વિચારી રહ્યા છે. અપેક્ષા છે શક્ય એટલું જલ્દી પ્લાનિંગ કરે. મિત્રો જયાં હો તો ત્યાં જે કાર્ય કરો તે કાર્યમાં તમારું ૧૦૦ % યોગદાન આપો, સફળતાએ તમારી પાસે આવવું પડશે, આ હું નથી કહેતો આપણાં મોટીવેશનલ સ્પીકરશ્રી સંજયભાઇ રાવલના શબ્દો અને અનુભવ છે. અને હું પણ તેઓની સાથે સંમત છું...

હાલમાં તા. ૨૮.૦૪.૨૦૧૯ના રોજ સુરત મુકામે મહામંડળની કારોબારી મળી ગઇ. યુવાનોની હાજરી વિશેષ આનંદ આપી ગઇ. મહામંડળના રૂટીન કામકાજ સિવાય તમામ સંલગ્ન સંસ્થાઓએ આ વર્ષે એક પોગ્રામ કરવાની તૈયારી બતાવી, ચાલો કુછ કરતે હૈ.. અંકલેશ્વર એકમે સત્તાવાર રીતે આકાંક્ષા-૩ની જાહેરાત કરતા પોગ્રામ ડિસેમ્બર એન્ડમાં કરવાની જાહેરાત કરી. દિલથી અભિનંદન અને સફળતા માટે શુભેચ્છાઓ....

મે મહિનાનો નવયુગનો અંક વાંચતા એક વાત ઉડીને વળગી અને તે હતી સમાજની અલગ અલગ યુવા સંસ્થાના કાર્યક્રમના સમાચાર, સ્વયં-સુરત, સ્વયં બીલીમોરા, સ્વર વ્યારા, આવિષ્કાર ગ્રપ મુંબઇ તમામ સંગઠનોને એકટીવ જોઇ આનંદ થયો. બાકીના એકમો પણ યુવા સંગઠનને એકટીવ કરી નાના મોટા પ્રસંગો કરતા રહેશો તોજ સંગઠન બનશે..

ઘણાં સમયથી પેન્ડીગ રહેતું કાર્ય એટલે મહામંડળનું બંધારણ, શ્રી મનિષભાઇએ બંધારણ કમીટી બનાવી હતી પણ કોઇને કોઇ કારણસર પ્રગતિ થઇ શકતી ન હતી. તા. ૨૮.૦૪.૨૦૧૯ના રોજ મળેલ કારોબારીએ બંધારણના ડ્રાફ્ટ સુધારા વધારા સહિત સર્વાનુમતે મંજુર કર્યો અમો આ ડ્રાફ્ટ સર્વે માટે ઉપલબ્ધ કરાવીશું અને રસ ધરાવનાર તમામને વિનંતી છે કે આપના સૂચનો જો હોય તો સૂચના મુજબ લેખીતમાં મોકલશો. આ બંધારણ અગામી ૧૫-૨૦ વર્ષ માટે છે. એમ ગણીને સુચનો કરવા વિનંતી છે.

પાછલા દિવસોમાં બે ઘટના બની અનેકને વિચારતા કરી દીધા, માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની લીડરશીપ હેઠળ ભારતીય જનતા પાર્ટીએ પોતાની અત્યાર સુધીમાં સૌથી મોટી જીત મેળવી ફરી દિલ્હી સર કર્યુ. કદાચ ભા.જ.પ.ને પણ આટલા મોટા વિજયની અપેક્ષા ન હશે. ભારતની જનતાએ ફરી નમોમાં વિશ્વાસ મુકયો, તેઓની અપેક્ષાઓ ફળે એવી શુભેચ્છાઓ અને ભા.જ.પા.ને અભિનંદન..

સુરતમાં ઘટેલ ઘટનાએ સૌને વિચલીત કરી દીધા, ૨૦ જેટલા માતા-પિતાના સહારાને કુદરતે અથવા એમ કહો કે કોઇની બે કાળજી અને એતો ચાલ્યા કરેની આપણી વૃત્તીએ છીનવી લીધા. વાંક કોનો ? બસ ચર્ચા જ થશે, થોડા સમયમાં એ પણ ભુલાય જશે ? તંત્રના સહારે બેસવા કરતા અને વેકેશનમાં આર્ટ, ગરબાના કલાસમાં મોકલતા પહેલા આપણે આપણાં બાળકોને ડીઝાસ્ટર વખતે કેમ વર્તવુ એના કલાસમાં અથવા તો એ બાબતે જાણકારી આપવી ખૂબ જરૂરી છે. એ ફરી વાર સાબિત થયું. પબ્લીકે પણ આંદોલન વખતે સરકારી માલ મિલ્કતને પોતાની માની નુકશાન કરવાથી બચવુ જોઇએ.. મળેલ માહિતી મુજબ વરાછા ખાતે ૫ કરોડનું આધુનિક

ફાયર ફાઈટર હતું પણ ૨૦૧૫ના આંદોલનમાં એનો નાશ કરવામાં આવ્યો, જે આજે હોત તો ? અકાળે આપણી વચ્ચેથી અધુરા અરમાનો સાથે કુદરતે છીનવી લીધેલ તમામ બાળકોનુ હાર્દિક શ્રદ્ધાંજલી..

અંતમાં ફરી વખત એક વાત રીપીટ કરતા દુઃખ થાય છે અમોને મળતી સહાયની અરજી હજી પણ અધુરી વિગતો વાળી કેમ ? અમો વારંવાર જણાવીએ છીએ કે જ્યાં સુધી અરજદાર પુરી વિગત ભરીને ન લાવે ત્યાં સુધી અરજીપત્ર પર સહી સિક્કા કરશો નહીં. જે વિગત અધુરી હોય તે આપણે પણ પૂછીને ભરી શકીએ, એકમ કેટલી મદદ કરે છે તેની કોલમ પણ ખાલી ? જો એકમ કોઇ મદદ ના કરતુ હોય તો સ્પષ્ટ જણાવવા વિનંતી કે મદદ આપવામાં આવતી નથી અને જેને ખરેખર જરૂરીઆત છે તેવી અરજી પર જ સહી કરી આપવા ભલામણ છે..

સારા કાર્યો કરતા રહો,
ભલે કોઇ તમારા વખાણ કરે કે ના કરે,
અડધાથી વધુ દુનિયા ઉંઘતી હોવા છતાં
સૂર્ય એના સમયે જ ઉગે છે......

અસ્તુ

## શ્રદ્ધાંજલી



**સ્વ. ચંપકલાલ છબીલદાસ પંચોલી**

જ.તા. ૦૩.૦૩.૧૯૩૦ સ્વ. તા. ૨૫.૦૪.૨૦૧૯

રહી પડે છે આંખો અમારી જોઈને તસ્વીર તમારી
દરેક પ્રસંગે ખૂબ ખટકશે, ગેરહાજરી તમારી
ખોટ પડી છે પરિવારમાં, હવે કેમ કરી પુરાશે ?
તમારા વગર અમને માર્ગદર્શન કોણ આપશે ?

**અર્પણકર્તા**

ગં.સ્વ. દિપ્તીબેન રાજેશભાઈ પંચોલી
ઝીલ રાજેશભાઈ પંચોલી તથા સમસ્ત પરિવાજનો..

૩૩-૩૪, ઠાકોરદ્વાર-વિંગ-૩, હનીપાર્કરોડ, અડાજણ-સુરત
મો. ૯૭૧૪૨૦૫૭૭૭/૯૬૬૨૯૧૧૭૭૭

# પૂ. પિતાશ્રીની છઠ્ઠી પૂણ્યતિથિએ શ્રદ્ધા સુમન



**સ્વાતંત્ર્ય સેનાની સ્વ. ભગવાનદાસ મકનજી મિસ્ત્રી**

જન્મ તા. ૨૮.૦૬.૧૯૨૩ સ્વ. તા. ૨૦.૦૬.૨૦૧૪

**સ્વ. ગજરાબેન ભગવાનદાસ મિસ્ત્રી**

જન્મ તા. ૨૬.૦૪.૧૯૩૦ સ્વ. તા. ૧૩.૦૪.૨૦૦૩

યોગેશ બી. મિસ્ત્રી મો. ૯૮૨૪૦ ૨૩૦૧૧
નીતા યોગેશ મિસ્ત્રી મો. ૯૮૨૪૧ ૯૫૬૯૪
સી-૪૦૧, સાર્થક રેસીડન્સી, રામેશ્વર હાઈરાઈઝ સામે
એલ.પી.સવાણી સર્કલ, પાલ-સુરત

હરીશ બી. મિસ્ત્રી મો. ૯૮૯૮૩ ૩૯૪૯૩
દક્ષા હરીશ મિસ્ત્રી મો. ૮૭૫૮૫ ૩૬૩૦૦
૨૯, જનતાનગર, બારડોલી

ડો. મહેશકુમાર એમ. મિસ્ત્રી
મીરાબેન મહેશકુમાર મિસ્ત્રી
એ-૫૪, અંબેગ્રીન સીટી, વાલીયારોડ,
અંકલેશ્વર

# હાર્દિક હૃદયાંજલી



**સ્વ. અ.સૌ. વાસંતીબેન(શારદાબેન) બાલુભાઈ પંચોલી**

જ.તા. ૧૦.૧૦.૧૯૪૧ સ્વ. તા. ૧૪.૦૫.૨૦૧૯

વૈશાખસુદ ૧૦ને મંગળવાર

જીવનમાં કર્તવ્યના પથ પર કઠોર પરિશ્રમ તથા દ્રઢ આત્મવિશ્વાસથી શૂન્યમાંથી સર્જન કરી, સ્નેહની સુવાસ પ્રસરાવી, સમગ્ર કુટુંબને એક તાંતણે બાંધી રાખનારા, આવતા-જતા દરેકને વ્હાલસોઈ નજરે, અમીઝરણાં આપતા ગયા, આપના ઉચ્ચ સંસ્કારો અમને સદા પ્રેરણા આપતા રહેશે..

દિવ્ય આત્માને કોટી કોટી વંદન....

પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના...

**અર્પણકર્તા**

બાલુભાઈ ભુલાભાઈ પંચોલી

'મા કૃપા' તળાવ ફળીયુ, બુહારી, તા. વાલોડ. ૩૯૪૬૩૦

મો. ૯૯૨૫૬૧૧૯૭૨ / ૯૪૨૯૮૮૪૬૧૩

અનિલ બાલુભાઈ પંચોલી
અલકા અનિલ પંચોલી
ડો. સિધ્ધિ અનિલ પંચોલી
BDS-કેનેડા
'મા કૃપા' ૧૪૦, સંધ્યાવંદન સોસાયટી,
પાલનપુર જકાતનાકા,
સુરત-૩૯૫૦૦૯
Mo. 9722151890 / 9825385520
8140086081

કેતન બાલુભાઈ પંચોલી
કાજલ કેતન પંચોલી
ચિ. રાજ
૧૩૦-બી, સંધ્યાવંદન સોસાયટી,
પાલનપુર, જકાતનાકા,
સુરત-૩૯૫૦૦૯
Mo. 9898142789
8849773336

કલ્પેશ બાલુભાઈ પંચોલી
હેતલ કલ્પેશ પંચોલી
ચિ. તુલસી
૧૬૬, સંધ્યાવંદન સોસાયટી,
પાલનપુર, જકાતનાકા,
સુરત-૩૯૫૦૦૯
Mo. 98798 87231
7777990299

# Congratulations... Congratulations...





## Dr. Jay Daxay Gajjar

(M.B.B.S. - SMIMER MEDICAL COLLEGE, SURAT

ઈશ્વરકૃપા, વડિલોના આશીર્વાદ અને ખંતપૂર્વક ની મહેનતથી
**MBBS**નો અભ્યાસ પૂર્ણ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન
આવી રીતે ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરતા રહો એવી હાર્દિક શુભેચ્છાઓ..

સ્વ. ઈન્દ્રવદન વાડીલાલ ગાંધી
હંસાબેન ઈન્દ્રવદન ગાંધી
હેમલ ઈન્દ્રવદન ગાંધી
શ્રધ્ધા હેમલ ગાંધી
ચિ. દિવ્ય હેમલ ગાંધી

સ્વ. મહિન્દ્રાબેન શાંતિલાલ ગજ્જર
સ્વ. શાંતિલાલ જમનાદાસ ગજ્જર
પ્રફુલકુમાર શાંતિલાલ ગજ્જર
પ્રમિલાબેન પ્રફુલકુમાર ગજ્જર
દક્ષય પ્રફુલકુમાર ગજ્જર
સંગીતા દક્ષય ગજ્જર
મયુર પ્રફુલકુમાર ગજ્જર
કામીની મયુર ગજ્જર
ઝલક મયુર ગજ્જર

રાજેશકુમાર જયંતિલાલ પંચોલી
સંગીતા રાજેશકુમાર પંચોલી
હર્ષ રાજેશકુમાર પંચોલી

વિરેનકુમાર પરસોત્તમદાસ પંચોલી
દિપ્તીબેન વિરેનકુમાર પંચોલી
હેશા વિરેનકુમાર પંચોલી
મિલાપકુમાર નિતિનભાઈ ગાંધી
જશ વિરેનકુમાર પંચોલી

15 ભવન્સ રેસીડન્સી, IOC પેટ્રોલપંપ સામે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત.
Mo. : 98241 37878

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
# કારોબારી સભા-તા. ૨૮.૦૪.૨૦૧૯

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની કારોબારી સભા તા. ૨૮.૦૪.૨૦૧૯ના રવિવારે સવારે ૯.૩૦ કલાકે સરદાર વલ્લભભાઇ ભવન મિટિંગ હોલ, મહિડા ભવન ઇચ્છાનાથ સુરત મુકામે મહામંડળના પ્રમુખ શ્રી હેમંતભાઇ મિસ્ત્રીના પ્રમુખપદે મળી હતી. જેમાં સુરત એકમના ૮, વ્યારા એકમના ૫, અંકલેશ્વર એકમના ૩, બીલીમોરા એકમના ૩ અને અજરાઇ પંચના ૨ સભ્યો હાજર રહ્યા હતાં. જેમાં એજન્ડા મુજબ નીચેની કાર્યો હાથ ધરવામાં આવ્યા હતાં.

**એજન્ડા ૧ :-** વેલકમ સ્પીચ બાય પ્રમુખ શ્રી.

મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇએ હાજર રહેલ તમામ સભ્યોને આવકારતા જણાવ્યું કે આ મિટિંગનું આમંત્રણ તમામ ટ્રસ્ટીઓ, પાસ્ટ પ્રેસીડન્ટસ, તમામ એકમોના પ્રમુખ મંત્રી અને મહામંડળના હોદ્દેદારોને મોકલવામાં આવ્યું હતું. જેમાં ડો. મહેશભાઇ મિસ્ત્રી, શ્રી કિરણભાઇ પંચોલી, ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલી, કિશોરભાઇ, શોભાબેન, મુંબઇ એકમ આવી શકયા નથી પરંતુ મિટિંગની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી છે. નવસારી એકમ તથા વડોદરા એકમે આવી ન શકવા માટે મેસેજ મોકલ્યા હતા. વિતેલ વર્ષ દરમ્યાન સુરત મુકામે યોજાયેલ ક્રિકેટ મેચની સફળતા બદલ સુરત એકમ તથા ભાગ લેનાર તમામ એકમોને અભિનંદન પાઠવ્યા હતાં. તથા સામાન્ય સભામાં નકકી થયા મુજબ સમાજ સુરક્ષા યોજનાના તમામ એકાઉન્ટ બંધ કરાવી દીધાની જાણકારી આપી હતી. તેઓએ હાજર રહેલ તમામને આવકાર્યા હતા.

**એજન્ડા ૨ :-** નેશનલ એન્થમ

તમામ સભ્યોએ પોતાના સ્થાને ઉભા થઇ સ્ક્રીન પરના રાષ્ટ્રગીત ગાઇ દેશને સન્માન આપ્યું હતું.

**એજન્ડા ૩ :-** ગત કારોબારીની મિનિટસ મંજુર કરવા બાબત :- મહામંત્રી શ્રી નિશિકાંતભાઇએ જણાવ્યું હતુ કે મિનિટસ ફેબ્રુઆરી માસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. તેમ છતાં સભ્યોના કહેવાથી તેઓએ મિનિટસનું વાંચન કર્યુ હતું. જેને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી...

**એજન્ડા ૪ :-** અંકલેશ્વર મુકામે યોજાયેલ સામાન્ય સભાના ઠરાવોની નોંધ લેવા બાબત

પ્રમુખશ્રીએ જણાવ્યું કે સામાન્ય સભાની ડ્રાફટ મિનિટસ નવયુગમાં પ્રકાશિત કરી અને મિનિટસમાં કોઇ પણ સજેસન કે સુધારા હોય તો મંગાવવામાં આવ્યા હતા. પરંતુ આજ સુધી આ બાબતે કોઇ સુધારા મળેલ નથી, અંતમાં મહામંત્રીશ્રીએ થયેલ ઠરાવોના મુખ્ય અંશો વાંચનમાં લીધા.

**એજન્ડા ૫ :-** મહામંડળ તથા સંલગ્ન સંસ્થાના રોકાણ બાબત..

પ્રમુખશ્રી હેમંતભાઇએ જણાવ્યું કે હાલમાં સામાન્ય સભામાં નકકી થયા મુજબ મ્યુચ્યુઅલ ફંડમાં જે દાતાની મંજુરી મળેલ હતી તેઓના કહ્યા મુજબ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરેલ છે. શ્રી ભરતભાઇએ કેટલું રોકાણ થયુ છે એમ પુછતાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ૧૯.૫૦ લાખ નકકી થયા મુજબ ગ્રોથ ફંડમાં તથા ૧.૧૧ લાખ શ્રી કિરણભાઇના કહેવા મુજબ રોકાણ કરેલ છે. આ ૧૯.૫૦માં મહામંડળ, નવયુગ, વેબસાઇટ, સ્વ. સી.ટી.મિસ્ત્રી સ્મારક નિધિના ફંડનો સમાવેશ થાય છે..

શ્રી પંચોલીસમાજ સુરક્ષા યોજના ના જે નાણાં રોકાણ કરેલ છે જે લગભગ ૨૯.૦૦ લાખ જેટલું થાય છે. બાકીના નાંણા હજુ બેંકમાં એફ.ડીમાં રોકાણ છે. જેમાં વધુ ચર્ચા થતા એ મુડી પર તા. ૩૧.૦૩.૨૦૧૯ના રોજ પુરા થતા હિસાબી વર્ષ માટે ૮% ઉપરાંત વ્યાજ મળેલ છે. તથા મ્યુચ્યુઅલ ફંડમાં ૬.૦૮% વ્યાજ મળેલ છે. શ્રી મનિષભાઇએ જણાવ્યું કે મ્યુચ્યુઅલ ફંડમાં આવક ૪-૫ વર્ષમાં જ દેખાશે. હાલમાં પાકતી ફિક્સ ડિપોઝીટના નાણાં લીકવીડ ફંડમાં રોકવા અને સામાન્ય સભા કહે તે મુજબ પછીથી રોકણ કરવું, એમ સર્વાનુમતે નકકી કરાયું. સાથે સાથે હમંતભાઇએ જણાવ્યું કે (શ્રી સમાજ સુરક્ષા યોજના એકાઉન્ટ/મહામંડળ) બંધ કરાવ્યા છે. માત્ર અને માત્ર ગુજરાત ઇન્ડ. બેન્કની એફ.ડી. બાકી બોલશે.

**એજન્ડા ૬ :-** સંલગ્ન સંસ્થાના ભાવિ પોગ્રામ બાબતે

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી જીતેન્દ્ર નગીનભાઈ મિસ્ત્રી મુંબઇ | સ્વ. કમલનયન નરોત્તમદાસ મિસ્ત્રી મુંબઇ

ચર્ચા.

દરેક સંસ્થા માટે પાંચ મિનિટ ફાળવવામાં આવી હતી. પ્રથમ સ્વ. સી.ટી.મિસ્ત્રી સ્મારક નિધિના અધ્યક્ષશ્રી ધવલભાઇએ જણાવ્યું કે સી. ટી. સ્મારક નિધિ પોગ્રામ કરવા માંગે છે પણ સમાજના વાલીઓ /વિદ્યાર્થીઓ રસ લેતા નથી. વ્યારાના હિતેશભાઇ ગાંધીએ જુદા-જુદા એકમોમાં જઇ પોગ્રામ કરી શકાય એમ જણાવ્યું. જેના જવાબમાં અધ્યક્ષશ્રી તથા મહામંત્રીશ્રી નિશિકાંતભાઇએ જણાવ્યું કે ભૂતકાળમાં આવા પોગ્રામ આયોજિત કર્યા હતા પણ જે - તે એકમમાં એક પણ રજીસ્ટ્રેશન નહી આવવાથી પોગ્રામ રદ કરવા પડયા હતાં. હિતેશભાઇએ જણાવ્યું કે વ્યારાના વિદ્યાર્થીઓ ભાગ લેશે અને તેઓએ વ્યારા પોગ્રામ કરવા તૈયારી દર્શાવી, પ્રમુખશ્રી હેમંતભાઇએ જણાવ્યું કે સુરત બાદ વ્યારામાં પોગ્રામ કરીએ તો આજુબાજુના એકમો પણ ભાગ લઇ શકે અંતમાં વ્યારા મુકામે પોગ્રામ માટે વ્યારા અને સી. ટી. સ્મારકનિધિને આગળ કાર્ય કરવા મંજુરી આપી.

સ્વયં મહામંડળના અધ્યક્ષા મૃદુતા મિસ્ત્રી પંચોલીએ જણાવ્યું કે તેઓ સ્વયં સુરત, અંકલેશ્વર, તથા બિલીમોરાના સંપર્કમાં છે, તથા જુદા જુદા એકમોના સ્વયં સંગઠનો મળી ભરૂચ મુકામે બે દિવસનો પોગ્રામ 'વડિલ વંદના' કરવા માંગે છે, જેમાં ચર્ચામાં શ્રી ભરતભાઇ પંચોલી, શ્રી મનિષભાઇ પંચોલી, શ્રી નવિનભાઇ વિ. પંચોલી, શ્રી હેમંતભાઇ, શ્રી નિશિકાંતભાઇ, મૃદુતા, ટવીંકલબેન, ધવલભાઇ એ ચર્ચામાં ભાગ લીધો. દરમ્યાન દરેક સ્વયં ગ્રુપ પોતાના એકમોના વડિલોના આવવા જવાની સગવડ કરે, તથા વયમર્યાદા મીનીમમ ૬૦ વર્ષ રાખવી જોઇએ એમ નક્કી થયું. ભરતભાઇએ જણાવ્યું કે ખર્ચ માટે ડોનેશન મળી શકે છે. શ્રી મનિષભાઇએ પણ સાપુતારા ખાતે યોજેલ સ્વયંના પોગ્રામ વિષે માહિતી આપી. ગીરીશભાઇ ગજ્જરે જણાવ્યું કે શારીરિક રીતે ડિસેબલ વ્યક્તિઓને જ લઇ જવા જોઇએ અને કોઇ પણ આવો પોગ્રામ થાય તો પોતે સ્પોન્સરશીપ આપવાની તૈયારી બતાવી. એક પોગ્રામ માત્ર સ્વયંના સંગઠનનો માટે પણ કરી શકાય તો 'વડિલ વંદના' ને અલગ પોગ્રામ તરીકે કરી શકાય એમ પણ જણાવાયુ. પરંતુ સ્વયંના હોદ્દેદારોએ જણાવ્યું કે અમો ઘણાં સમયથી મહામંડળના માજી પ્રમુખ અને સદાય યુવાનોના માર્ગદર્શક એવા ડો. મહેશભાઇ સાથે સંપર્કમાં છીએ. અંતમાં પ્રમુખશ્રીએ જણાવ્યું કે સ્વયં 'વડિલ વંદના' અને યુવા સંગઠનની પીકનિક એમ બન્ને માટે વાત કરી છે યોગ્ય લાગે તે માટે બજેટ સહિત નક્કી કરી જણાવો આથી આગળનો પોગ્રામ ફાયનલ કરી શકાય.

તબીબી સેવાના હોદ્દેદારોએ જણાવ્યું કે આ વર્ષે ઓછી અરજી આવી હોવાથી ફંડ વધેલ છે જેમાં પ્રમુખશ્રીએ જણાવ્યું કે અમુક અરજીમાં ખૂબ ખર્ચ થયો હોવા છતા આપણે ૧૦,૦૦૦/- થી વધુ મદદ આપી શકતા નથી. હેમંતભાઇએ જણાવ્યું કે છેલ્લી મિટિંગ દરમ્યાન તબીબી સેવા તરફથી આવેલ સજેશન અને ડો. મહેશભાઇ મિસ્ત્રીના માર્ગદર્શન મુજબ રૂા. ૧૦,૦૦૦/-ની મર્યાદા નક્કી કરેલ છે. અંતમાં ભરતભાઇ, મનિષભાઇ એ વધુ મદદ કરવી જોઇએ તેમ જણાવતા અનિવાર્ય સંજોગોમાં ખાસ કેસમાં પ્રમુખશ્રી, મંત્રીશ્રી વધુમાં વધુ ૨૦,૦૦૦/-ની મદદ કરી શકશે. પરંતુ બને ત્યાં સુધી રૂા. ૧૦,૦૦૦/- મર્યાદા જાળવી રાખવી એમ નક્કી થયું.

નવયુગ અંગે ચર્ચામાં તમામ સભ્યોએ ભાગ લીધો પ્રમુખશ્રીએ જણાવ્યું કે નવયુગ આ વર્ષે આશરે ૫૦,૦૦૦થી વધુની ખોટમાં હોવાનો હેવાલ છે, તો નવયુગને આમાંથી બહાર લાવવા સજેશન માંગ્યા હતા, ધવલભાઇ-સુરત, ધવલભાઇ-બિલીમોરા, તથા નવિનભાઇ વિ. પંચોલી વ્યારાએ નવયુગને દ્વી માસિક અથવા ત્રી માસિક કરવાનું સજેશન કર્યુ અને જણાવ્યું કે અગાઉ આપણી પાસે રજીસ્ટ્રેશન હોય માસિક બહાર પાડવું જરૂરી હતું. જેની સામે તંત્રીશ્રીએ જણાવ્યું કે નવયુગ સમગ્ર સમાજને જોડે છે અને જો એને દ્વિ માસિક કે ત્રિ માસિક કરીશું તો ભવિષ્યમાં એના અસ્તિત્વ સામે પ્રશ્ન ઉભો થશે. તેઓએ નવયુગમાં મહામંડળ અને અન્ય સંસ્થાને મળેલ દાનના ફોટોગ્રાફ દર વર્ષે છાપવામાં આવે છે. તેની સામે મહામંડળ અને અન્ય સંસ્થાને મળેલ દાનના ફોટોગ્રાફ દર વર્ષે છાપવામાં આવે છે. તેની સામે મહામંડળ નવયુગને મદદ કરે છે એમ જણાવ્યું. શ્રી મનિષભાઇએ જણાવ્યું કે અગાઉ નવયુગને ઉચ્ચક રૂા. ૧૫,૦૦૦/- ની મદદ આપવામાં આવી છે. હેમંતભાઇએ જણાવ્યું કે સ્વર્ણિમ યોજના અંતર્ગત મળેલ દાનમાં જાહેર કરેલ સ્કીમ મુજબ જ ફોટા લેવાવા જોઇએ, તેઓએ જણાવ્યુ કે દાનના વ્યાજ કરતા છપામણી

ખર્ચ(એક્યુઅલ) વધુ થાય છે. આથી યોજનામાં જણાવ્યા મુજબ જ ફોટા છાપવા મહામંડળની સામાન્ય સભામાં આજીવન એટલે ૨૦ વર્ષ ગણવા એમ નકકી થયુ છે. શ્રી મનિષભાઇ અને ભરતભાઇએ જણાવ્યું કે ડોનરોને હકીકત વર્ણવી વધુ ડોનેશન અથવા છમામણી ખર્ચ આપવા વિનંતી કરવી જોઇએ. જે માન્યમાં રાખવામાં આવ્યું. નવયુગમાં છપાયેલ ફોટો બદલ મહામંડળ નવયુગને યોગ્ય મદદ કરશે એમ હેમંતભાઇએ જણાવ્યું, તથા તેઓએ તંત્રીશ્રીને જણાવ્યું કે પ્રકાશન સમિતિની મિટિંગ મળતી નથી તે બોલાવવી. સૌએ ખૂબ ચર્ચા કર્યા બાદ સર્વાનુમતે સ્વીકાર્યુ કે તંત્રીશ્રી એ હાલમાં જે નવયુગ મોકલવામાં આવે છે તેનું લીસ્ટ દરેક એકમના પ્રમુખશ્રીને મોકલવું તથા તેઓ દ્વારા એ લીસ્ટનું વેરીફિકેશન કરવું, જેથી એક જ ઘરમાં એકથી વધુ નવયુગ ના જાય. તથા સરનામા બદલાય ગયા હોય તેવા નવયુગ પણ મોકલવાના બંધ કરવાનો નિર્ણય લેવાયો. વધુમાં જેને નવયુગની હાર્ડ કોપી જોઇતી હોય તે તમામ પાસે વાર્ષિક રૂા. ૧૦૦/- ચાર્જ ફરજીયાત લેવો આથી ખોટા નવયુગ બંધ થાય અને નવયુગને ખોટમાંથી ઉગારી શકાય છે...

**એજન્ડા ૭ :-** અંકલેશ્વર મુકામે યોજાનાર આકાંક્ષા-૩ બાબતે ચર્ચા..

અંકલેશ્વર એકમના પ્રમુખશ્રી વિસ્મયભાઇએ જણાવ્યું કે અંકલેશ્વર એકમ ડિસેમ્બર માસમાં આકાંક્ષા-૩નું આયોજન કરવા વિચારે છે. હેમંતભાઇએ પૂરક માહિતી આપતા જણાવ્યું કે ૮ ડિસેમ્બરના રોજ મુંબઇ એકમનો અમૃત મહોત્સવ હોવાની જાણકારી ઉપ-પ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલી તરફથી મળી છે. આથી તારીખ એ મુજબ નકકી કરશો. અંકલેશ્વર એકમે જણાવ્યું કે પોગ્રામમાં યુવાઓ, મહિલા મંડળ પણ ભાગ લેશે અને તેઓ માટે પણ આયોજન કરવાની ગણત્રી છે. પોગ્રામ આખા દિવસનો રહેશે. જે અંગેની વધુ વિગત આગામી નવયુગ દ્વારા જાણવા મળશે. કારોબારીએ અંકલેશ્વર એકમને નકકી કરેલ રજીસ્ટ્રેશન ફીને મંજુરી આપી હતી.

**એજન્ડા ૮ :-** મહામંડળના બંધારણ બાબતે ચર્ચા વિચારણા.. ચર્ચાનો આરંભ કરતા પ્રમુખ શ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ જણાવ્યું કે છેલ્લી ઘણી સામાન્ય સભાંમાં બંધારણનો પ્રશ્ન ઉપસ્થિત થતો રહ્યો છે, અને આપણે મનિષભાઇના ટેન્યોરમાં બંધારણ સમિતિ બનાવેલ હતી. પરંતુ આજ સુધી કોઇને કોઇ કારણે તેની મિટિંગ મળી નથી. અમોએ બંધારણમાં ફેરફાર કરી બંધારણ સમિતિ, તમામ ટ્રસ્ટીશ્રીઓ, પાસ્ટ પ્રેસીડન્ટશ્રીઓ અને સંલગ્ન સંસ્થાના હોદ્દેદારોને બંધારણની ડ્રાફટ કોપી મોકલી હતી પરંતુ નવયુગના સહતંત્રીના એક સજેશન સિવાય કોઇ સજેશન મળ્યુ નથી.

બંધારણની ડ્રાફટ કોપીનું પ્રોજેકટર દ્વારા સભામાં હાજર રહેલ તમામ જોઇ શકે તે મુજબ સ્ક્રીન પર દર્શાવવામા આવ્યું તથા એક પછી એક મુદ્દા બાબતે સવિસ્તાર ચર્ચા કરી, વ્યારાના ભરતભાઇ તથા મનિષભાઇએ જણાવ્યુ કે અમુક જગ્યાએ શબ્દ રચના, જોડણી સુધારી શકાય એમ છે આથી મંજુર થયેલ ડ્રાફટ બંધારણને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

**એજન્ડા ૯ :-** વિધવા સહાયની અરજી બાબત

મહામંત્રીશ્રી નિશિકાંતભાઇએ મળેલ અરજીની વિગતો રજુ કરી હતી, અને હજી પણ અધુરી માહિતી વાળી અરજીઓ આવે છે તે ના આવવી જોઇએ. જે તે એકમના પ્રમુખશ્રી-મંત્રીશ્રીને વિનંતી છે કે અધુરી માહિતી વાળી અરજી પર સહી નહી કરી આપવા આગ્રહભરી વિનંતી છે. આમ છતા આવી અરજી આવશે તો જે તે એકમને પરત કરવામાં આવશે. અંતમાં આવેલ તમામ અરજી અંગે નિર્ણય લેવાયા અને છેલ્લી તારીખ સુધીમાં આવેલ અરજી બાબતે હવે હોદ્દેદારો નિર્ણય લઇ મદદ મોકલશે. હેમંતભાઇએ જણાવ્યું કે હાલમાં સાડી આપવામાં આવે છે પણ હવે બધી બહેનો સાડી પહેરતી નથી તથા બજેટની મર્યાદામાં રહીને સાડી મોકલવામાં આવે છે જે ઘણાને પસંદ નહી આવતા મુળ હેતુ સિદધ થતો નથી, શ્રી ભરતભાઇએ જણાવ્યું કે સાડીની જગ્યાએ આપણે કેટલી સહાય વધુ કરી શકીએ ? એના જવાબમાં હેમંતભાઇએ જણાવ્યું કે એક પણ પૈસો બચાવ્યા વિના જેટલી રકમ સાડી પાછળ ખર્ચવામાં આવે છે તે તમામ રકમ મદદ તરીકે મોકલવામાં આવશે. અંતે મહામંડળ તરફથી સાડીની જગ્યાએ રોકડ સહાય અલગથી જે તે દાતાના નામે મોકલવી એમ પણ નકકી કરાયુ..

**એજન્ડા ૧૦ :-** પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે..

હેમંતભાઇએ રજુઆત કરતા જણાવ્યું કે સામાન્ય સભામાં શ્રી કમલેશભાઇના પ્રશ્ન અને સામાન્ય સભાના ઠરાવ

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી ચંદ્રવદન હરગોવનદાસ મિસ્ત્રી મુંબઇ | શ્રી ધનસુખભાઇ ભગવાનદાસ પંચોલી સુરત

મુજબ પંચોલી સમાજ સુરક્ષા યોજના બાબતે મહામંડળમાંથી જે વધારે ટેક્ષ ભરવો પડયો હોય તે વસુલ લેવો. હેમંતભાઇએ વધુમાં જણાવ્યું હતું કે અમારા વર્ષ દરમ્યાન સમાજ સુરક્ષાના ટીડીએસ રૂા. ૩૧૭૯૦/- ભરેલ છે અને તેની સામે ભરવાપાત્ર ટેક્ષ રૂા. ૩૪૦૦૬.૫૦/- છે આથી ડિફરન્સના ૨૨૧૬.૫૦/-નો ચેક વિધવા સહાયમાં લેવો એમ ઠરાવ્યું. પાછલા વર્ષોમાં મહામંડળે કોઇ ટેક્ષ ભર્યો નથી એમ ભરતભાઇએ જણાવ્યું હતુ. શ્રી નવિનભાઇ વિ. પંચોલીએ જણાવ્યું કે પાછલા બે વર્ષમાં મહામંડળે ટેક્ષ અને વ્યાજ બન્ને ભરેલ છે. અંતમાં હાલમાં પાછલા વર્ષના નાણાં જમા લેવા એમ નકકી થયું.

(૨) શ્રી મનિષભાઇએ જણાવ્યું કે સમાજ સુરક્ષા હવે જુદી સંસ્થા છે. તો નવયુગમાં પ્રકાશિત થતા તેના ફોર્મનો ચાર્જ નવયુગે તેઓ પાસે લેવો, તેઓએ એલ.સી. સોશ્યલ ગ્રુપ પણ ફોર્મનો ચાર્જ આપે તો સારું એમ જણાવ્યું. જેના અનુસંધાનમાં એલ.સી. સોશ્યલ ગ્રુપના હેમંતભાઇએ અસંમતિ દર્શાવતા જણાવ્યું કે એલ.સી. સોશ્યલ ગ્રુપ દર વર્ષે વિધવા સહાય-શૈક્ષણિક સહાય કોઇપણ ભેદભાવ વિના મહામંડળના તમામ સભ્ય માટે આપે છે. તેઓએ જણાવ્યું કે એલ.સી. સોશ્યલ ગ્રુપે મહામંડળને રૂા. ૧,૫૦,૦૦૦/- ડોનેશન પેટે આપ્યા છે નિયમ મુજબ આપણે ફોટો દર વર્ષે છાપવો જોઇએ જે નથી છપાતો પણ આજ સુધી અમોએ કોઇને આ બાબતે ફરિયાદ કરી નથી. આથી અમોને ફોર્મ માટે ફી આપવી યોગ્ય લાગતુ નથી. વધુમાં મહામંડળ જે સંસ્થા સમગ્ર મહામંડળ માટે સહાય આપે છે તેના ફોર્મ વિના મૂલ્યે છાપે જ છે. અંતમાં મહામંડળના તમામ સભ્યોના લાભાર્થે પ્રકાશિત થનાર ફોર્મ નવયુગમાં વિના મૂલ્યે છાપવા એમ નકકી થયુ.

(૩) હેમંતભાઇએ જણાવ્યું કે મહામંડળ એકમોની સભ્ય સંખ્યાનો આપણી પાસે હાલમાં કોઇ જ રેકોર્ડ નથી. શ્રી મનિષભાઇ તથા ભરતભાઇએ પણ રેકોર્ડ અંગેની જાણકારી ન હોવાનું જણાવ્યું. હેમંતભાઇએ જણાવ્યું કે નવા બંધારણ મુજબ આપણે ફી લઇ ફરીથી રેકોર્ડ બનાવવો જોઇએ. ચર્ચા બાદ એવું નકકી કરવામાં આવ્યું કે દરેક એકમ પોતાના સભ્ય દીઠ રૂા. ૨૦/- મુજબ ફી ભરે, શ્રી મનિષભાઇએ જણાવ્યું કે ૨૦ વર્ષના રૂા. ૨૦/- એટલે વાર્ષિક ૧ રૂા. થાય જે કોઇને ભાર રૂપ થાય એમ નથી અને મહામંડળને પણ નાની અમથી મદદ થશે. આ મુજબની ભલામણ સામાન્ય સભામાં રજુ કરવી અને સામાન્ય સભાનો જે ઠરાવ થાય તે મુજબ આગળ કાર્ય કરવું.

(૪) શ્રી ભરતભાઇએ જણાવ્યું કે વોટસએપ પર મુકાતી કોમેન્ટ ધ્યાને લેવી જોઇએ નહી, વધુ ચર્ચા કરતા હેમંતભાઇએ જણાવ્યું કે સભ્યો મહામંડળનો લોગો કે નામ પોતાના ફેસબુક એકાઉન્ટ માટે વાપરે છે તે પણ બંધ કરવું જોઇએ, મનિષભાઇએ જણાવ્યું કે મહામંડળના ગ્રુપ પર અવસાન નોંધ, કોઇ ખાસ સિદ્ધિ માત્ર જાણ પુરતી રજુ કરી શકાય ત્યારબાદ શોક સંદેશ કે અભિનંદન આપવા હોય તો અંગત નંબર પર આપવા આ માટે હવેથી મહામંડળ ગ્રુપ પર એડમીન માત્ર પોસ્ટ મુકી શકે એમ કરવું. અને કોઇપણ સંદેશ હોય તો એડમીનને મોકલવાથી તેઓ ગ્રુપમાં મુકશે. હેમંતભાઇએ જણાવ્યુ કે ભવિષ્યમાં જરૂર લાગે તો એકમના પ્રમુખને પણ એડમીન બનાવી શકાય જેથી સરળતા રહે. હાલમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી અને આઇ.પી.પી. એડમીન તરીકે રાખવા એમ સર્વાનુમતે નકકી થયું.

**એજન્ડા ૧૧ :** વોટ ઓફ થેંકસ ઉપપ્રમુખશ્રી

ઉપપ્રમુખશ્રીની અનઉપસ્થિતિમાં મહામંત્રીશ્રી એ સભામાં હાજર રહેલ તમામ હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રી, એકમના પ્રમુખશ્રી/મંત્રીશ્રી, સ્વયંના હોદ્દેદારો તથા જેઓ ઉપસ્થિત રહી શકયા ન હોવા છતા મેસેજ દ્વારા શુભેચ્છા પાઠવનાર ડો. મહેશભાઇ, મહામંડળના ઉપપ્રમુખશ્રી, મુંબઇ એકમના પ્રમુખશ્રી, શ્રી કિરણભાઇ પંચોલી-મુંબઇ, કિશોરભાઇ / શોભાબેન તથા મહામંડળને સરસ મઝાનુ એ.સી. વેન્યુ, પ્રોજેકટર અને ભોજન રીઝનેબલ ભાવમાં ઉપલબ્ધ કરાવવા બદલ એસ.વી.એન.આઇ.ટી.નો આભાર વ્યકત કર્યો હતો.

અંતમાં ૨.૦૦ કલાકે પ્રમુખશ્રીએ સૌને ભોજન લેવા આમંત્રિત કર્યા હતાં. અને સભાની સમાપ્તિ ની જાહેરાત કરી હતી....

<u>તા. ૨૮.૦૪.૨૦૧૯ના રોજ સુરત મુકામે મળેલ કારોબારીની ડ્રાફટ મિનિટસ.. હાજર રહેલ સભ્યોને વિનંતી કે સદર મિનિટસમાં કોઇ સૂચન હોય તો તારીખ ૨૦.૦૬.૨૦૧૯ પહેલા મહામંત્રીશ્રીને લેખીતમાં જાણ કરવી, કારોબારીમાં નકકી થયા મુજબ વોટસએપ કે અન્ય રીતે મળેલ સુચનને ધ્યાને લેવામાં આવશે નહીં..</u>

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
## બંધારણ-પ્રપોઝલ

| નિયમ નં. | હાલ મુજબ(રજી) | પ્રપોઝ સુધારા | રીમાર્ક |
|---|---|---|---|
| ૧. સંસ્થાનું નામ | શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ રહેશે. | શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ રહેશે. | |
| ૨. સરનામુ(કાયમી) | બી-૨૫, બ્રિજનગર, પો. અંકલેશ્વર, જિ. ભરૂચ-૩૯૩ ૦૦૧ | એ-૫૪, અંબે ગ્રીન સો., સનાતન સ્કૂલની પાસે, વાલીયારોડ, અંકલેશ્વર ૩૯૩ ૦૦૧ | |
| ૨. એ (વધારો) હંગામી સરનામુ | નવો વધારો | જે તે સમયના પ્રમુખ/મંત્રીના ઘરનું સરનામુ રહેશે. | કોમ્યુનિકેશન સરળતા માટે |
| ૩.કાર્યક્ષેત્ર | સમગ્ર ભારત | સમગ્ર ભારત | સમગ્ર ભારત |
| ૪. હેતુઓ | ❖ સમગ્ર પંચોલી સમાજની સાંસ્કૃતિક, શૈક્ષણિક, નૈતિક, આર્થિક ઉન્નતિ કરવાનો તથા સમાજના સભ્યોની પ્રગતિમાં બનતી મદદ કરવાનો. | ❖ સમગ્ર પંચોલી સમાજની સાંસ્કૃતિક, શૈક્ષણિક, નૈતિક, આર્થિક ઉન્નતિ કરવાનો તથા સમાજના સભ્યોની પ્રગતિમાં બનતી મદદ કરવાનો. | |
| | ❖ સમગ્ર પંચોલી સમાજને કેળવણી ક્ષેત્રમાં યોગ્ય મદદ કરવી તથા જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શૈક્ષણિકમાં યોગ્ય પ્રોત્સાહન આપવું. | ❖ સમગ્ર પંચોલી સમાજને કેળવણી ક્ષેત્રમાં યોગ્ય મદદ કરવી તથા જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શૈક્ષણિકમાં યોગ્ય પ્રોત્સાહન આપવું. | |
| | ❖ સમગ્ર પંચોલી સમાજને એકબીજાના સંપર્ક અને સંગઠનમાં લાવવાનો અને ભાઇચારો વધારવાનો રહેશે.. | ❖ સમગ્ર પંચોલી સમાજને એકબીજાના સંપર્ક અને સંગઠનમાં લાવવાનો અને ભાઇચારો વધારવાનો રહેશે.. | |
| | ❖ સમગ્ર પંચોલી સમાજના ઉન્નતિ અર્થે એક સામાયિકનું પ્રકાશન કરવું.. | ❖ સમગ્ર પંચોલી સમાજના ઉન્નતિ અર્થે એક સામાયિકનું પ્રકાશન કરવું.. | |
| | ❖ સમગ્ર પંચોલી સમાજના સભ્યોને વૈદકીય સારવાર માટે સહાયભુત થવા અંગે.. | ❖ સમગ્ર પંચોલી સમાજના સભ્યોને વૈદકીય સારવાર માટે સહાયભુત થવા અંગે.. | |
| | ❖ મરણોત્તર સહાયતા કરવી | ❖ શકય હોય તો રદ કરવું. | ❖ સમાજ સુરક્ષા યોજના અલગ કરવામાં આવેલ છે.. |
| | સમગ્ર પંચોલી સમાજના જ્ઞાતિજનો માટે તમામ કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરવી. | સમગ્ર પંચોલી સમાજના જ્ઞાતિજનો માટે તમામ કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરવી. | |
| | ❖ નવો વધારો | ❖ સમગ્ર પંચોલી સમાજના હેતુ પૂર્તિ કરવા માટે વિવિધ રીતે ફંડ રાઇઝીંગ કરી શકશે. ડોનેશન સ્વીકારી શકાશે, સેમિનારો, અધિવેશન તથા અન્ય કાર્યક્રમો કરી શકશે. | ❖ ચેરીટી કમીશનરના નિયમ મુજબ શકય બને તો. |
| ૫.સભ્યપદ | | આ માટે દરેક એકમે પોતાના નોંધાયેલ સભ્ય દીઠ રૂા. ૨૦/- આજીવન ફી ભરવાની રહેશે.. | નિયમમાં સુધારો |

| નિયમ નં. | હાલ મુજબ(રજી) | પ્રપોઝ સુધારા | રીમાર્ક |
|---|---|---|---|
| | જ્ઞાતિના પુખ્તવયના અને મુકત મતાધિકાર ધરાવતી ઓછામાં ઓછી પાંચ સભ્યોની અને સમાજિક ક્ષેત્રે સેવાના ધ્યેય સાથે અસ્તિત્વમાં આવેલ પંચોલી માટેની સંસ્થા. | | |
| | ❖ મહામંડળના નિયત કરેલ ફોર્મ પર એકમના પ્રમુખશ્રીએ સહી કરી અરજી કર્યા પછી સભ્યપદ મળશે. જે એકમ માટે બંધનકર્તા રહેશે. નિયત કરેલા ફોર્મનો ખરડો સામાન્ય સભામાં મંજુર થશે. | ❖ મહામંડળના નિયત કરેલ ફોર્મ પર એકમના પ્રમુખશ્રીએ સહી કરી નકકી કર્યા મુજબની આજીવન ફી સહિત અરજી કર્યા પછી સામાન્ય સભામાં મંજુરી મળ્યેથી એકમને સભ્યપદ મળશે. | ❖ નિયમમાં સુધારો |
| | ❖ મંડળ કોઇપણ એકમના અંતર કાર્યમાં હસ્તક્ષેપ કરશે નહી. | ❖ મંડળ કોઇપણ એકમના અંતર કાર્યક્ષેત્રમાં કોઇપણ પ્રકારનો હસ્તક્ષેપ કરી કરશે નહી. પરંતુ તમામ એકમોને મહામંડળની સામાન્ય સભાએ નકકી કરેલ કે પસાર કરેલ ઠરાવ બંધનકર્તા રહેશે. | ❖ નિયમમાં સુધારો |
| ૬. સભાસદ/એકમના અધિકારો અને ફરજો.. | ❖ દરેક સ્વીકૃત એકમ મહામંડળની કાર્યવાહીમાં બંધારણ મુજબ ભાગ લેવાનો અને ભાગ લેવાનો હકક છે. | ❖ દરેક સ્વીકૃત એકમ મહામંડળની કાર્યવાહીમાં બંધારણ મુજબ ભાગ લેવાનો અને ભાગ લેવાનો હકક રહેશે. | |
| | ❖ દરેક સ્વીકૃત એકમ મહામંડળના બંધારણ માન્ય રાખી તે મુજબ વર્તવાને બંધાયેલ છે. | ❖ દરેક સ્વીકૃત એકમ મહામંડળના બંધારણ માન્ય રાખી તે મુજબ વર્તવાને બંધાયેલ છે. | |
| | ❖ મહામંડળની સામાન્ય સભામાં દરેક એકમ પોતાના સભ્ય સંખ્યાના ૫ સભ્ય દીઠ ૧ કાયદેસરનું પ્રતિનિધિત્વ મોકલી શકશે. | ❖ મહામંડળની સામાન્ય સભામાં દરેક એકમ પોતાના મહામંડળમાં નોંધાયેલ સભ્ય સંખ્યાના ૫ સભ્ય દીઠ ૧ કાયદેસરનું પ્રતિનિધિત્વ મોકલી શકશે. અને જરૂર પડયે તેવા સભ્યો પોતાનો વોટ આપી શકશે. | ❖ નિયમમાં સુધારો |
| | ❖ મહામંડળના અધિવેશનમાં પંચોલી સમાજની કોઇપણ વ્યકિત વ્યકિતગત રીતે મહામંડળના પ્રમુખની મંજુરી લઇ અધિવેશનની ઠરાવેલી ફી આપી ચર્ચામાં ભાગ લઇ શકશે. વ્યવસ્થા ખર્ચની આ રકમ મહામંડળના પ્રમુખશ્રી વખતો વખત ઠરાવશે. | ❖ મહામંડળના અધિવેશન કે અન્ય પોગ્રામમાં પંચોલી સમાજની કોઇપણ વ્યકિત ઠરાવેલ ફી આપી અધિવેશન કે અન્ય પોગ્રામમાં હાજરી આપી ચર્ચામાં ભાગ લઇ શકશે. વ્યવસ્થા ખર્ચની આ રકમ મહામંડળની કારોબારી સમિતિ વખતો વખત ઠરાવશે. | ❖ નિયમમાં સુધારો |
| | ❖ મહામંડળના કાયદેસરના પ્રતિનિધિઓએ પણ અધિવેશન કે અન્ય પોગ્રામની ઠરાવેલ ફી ખર્ચ પેટે આપવાની રહેશે. | ❖ મહામંડળના કાયદેસરના પ્રતિનિધિઓએ પણ અધિવેશન કે અન્ય પોગ્રામની ઠરાવેલ ફી ખર્ચ પેટે આપવાની રહેશે. | ❖ નિયમમાં સુધારો |
| | ❖ કોઇપણ એકમ કે તેના સભ્યો મહામંડળને જાણ કર્યા વિના કે લેખિત સંમતિ મેળવ્યા વિના મહામંડળના નામે કોલ કાર્ય કરી શકશે નહીં. | ❖ કોઇપણ એકમ કે તેના સભ્ય કે તેના સભ્યો મહામંડળને જાણ કર્યા વિના કે લેખિત સંમતિ મેળવ્યા વિના મહામંડળના નામે કોઇ કાર્ય કરી શકશે નહીં. કે મહામંડળના લોગોનો ઉપયોગ કોઇપણ સ્થળે કરી શકાશે નહીં કે સોશ્યલ મીડિયામાં મહામંડળના નામે કોઇ એકાઉન્ટ, પોસ્ટ મુકી શકાશે નહીં કે લોગોનો ઉપયોગ કરી શકાશે નહીં. | ❖ નિયમમાં સુધારો |

| નિયમ નં. | હાલ મુજબ(રજી) | પ્રપોઝ સુધારા | રીમાર્ક |
|---|---|---|---|
| | ❖ મહામંડળના બંધારણમાં ફેરફાર કરવાનો અધિકાર સામાન્ય સભામાં હાજર રહેલ ૨/૩ બહુમતિને રહેશે. | ❖ મહામંડળના બંધારણમાં ફેરફાર કરવાનો અધિકાર ખાસ સામાન્ય સભામાં હાજર રહેલ ૨/૩ બહુમતિને રહેશે. આવી સભામાં એજન્ડા સિવાયનું કોઇ અન્ય કાર્ય થઇ શકશે નહીં. | ❖ નિયમમાં સુધારો |
| | ❖ મહામંડળની સામાન્ય સભા વર્ષમાં એકવાર નકકી કરેલા સમય અને સ્થળે મળશે. તે માટે મહામંડળની કારોબારીએ તમામ વ્યવસ્થા, હિસાબો અહેવાલ વિગેરે પૂર્ણ કરવાના રહેશે.. | ❖ મહામંડળની સામાન્ય સભા વર્ષમાં એકવાર નકકી કરેલા સમય અને સ્થળે મળશે. તે માટે મહામંડળની કારોબારીએ તમામ વ્યવસ્થા, હિસાબો અહેવાલ વિગેરે પૂર્ણ કરવાના રહેશે.. સામાન્ય સભામાં મોડામાં મોડી હિસાબી વર્ષ પૂર્ણ થયાના ૬ માસ સુધીમાં બોલાવવાની રહેશે.. | ❖ નિયમમાં સુધારો |
| | ❖ આ ટ્રસ્ટમાં ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી ૩ અથવા વધુમાં વધુ ૨૧ સામાન્ય સભા ઠરાવે તે મુજબ રહેશે. | ❖ મહામંડળમાં માં ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી ૫ અથવા વધુમાં વધુ ૨૧ સામાન્ય સભા ઠરાવે તે મુજબ રહેશે. | ❖ મહામંડળમાં હોદ્દેદારો ટ્રસ્ટી હોવા જોઇએ તેની સંખ્યા પાંચ છે. |
| | ❖ દરેક ટ્રસ્ટીઓની મુદત બે વર્ષની રહેશે. | ❖ દરેક ટ્રસ્ટીઓની મુદત ૧૦ વર્ષની રહેશે. ત્યારબાદ દરેક ટ્રસ્ટી ફરજીઆત ફારેગ થશે. તથા ફારેગ થતા ટ્રસ્ટીની ફરી ટ્રસ્ટી તરીકે સામાન્ય સભા બહુમતીથી નિમણુંક કરી શકશે. | ❖ વારંવાર ચેરીટી કમીશનરમાં રિપોર્ટ સબમીટ ના કરવા પડે માટે નિયમમાં સુધારો. |
| | ❖ આ ટ્રસ્ટના નોંધાયેલ એકમમાંથી નોંધાયેલ સભ્યો બહુમતીથી ટ્રસ્ટીઓની નિમણૂંક કરશે. | ❖ મહામંડળની સામાન્ય સભા નોંધાયેલ એકમોમાંથી બહુમતીથી ટ્રસ્ટીઓની નિમણૂંક કરશે. | ❖ નિયમમાં સુધારો. |
| | ❖ મુદત દરમ્યાન કોઇ પણ ટ્રસ્ટીની જગ્યા કોઇપણ કારણોસર ખાલી પડશે તો વર્તમાન ટ્રસ્ટી મંડળ પોતાની બહુમતીથી નોંધાયેલ સભ્યોમાંથી કોઇપણ સભ્યની બાકીની મુદત માટે નિમણૂંક કરી શકશે.<br>❖ નવો વધારો | ❖ મુદત દરમ્યાન કોઇ પણ ટ્રસ્ટીની જગ્યા કોઇપણ કારણોસર ખાલી પડશે તો અનિવાર્ય સંજોગોમાં મહામંડળની કારોબારી પોતાની બહુમતીથી નોંધાયેલ સભ્યોમાંથી કોઇપણ સભ્યની બાકીની મુદત માટે નિમણૂંક કરી શકશે.<br>❖ સામાન્ય સંજોગોમાં પ્રમુખશ્રીની અનઉપસ્થિતિમાં ઉપપ્રમુખ અને મહામંત્રીની અનઉપસ્થિતિમાં સહમંત્રી બાકીના કાર્યકાળ માટે ચાર્જ સંભાળશે. | ❖ નિયમમાં સુધારો. |
| ૭. ટ્રસ્ટી મંડળ | ❖ સામાન્ય સભા ૨/૩ બહુમતીથી ટ્રસ્ટીને દુર કરી શકશે. | ❖ મહામંડળ વિરૂધ્ધ કાર્ય કરનાર કોઇપણ ટ્રસ્ટી અથવા સભ્ય/હોદ્દેદારો, એકમને સામાન્ય સભા ૨/૩ બહુમતીથી મહામંડળમાંથી દુર કરી શકશે. સભ્યપદ રદ કરી શકશે અને એ માટે એકમે/સભ્ય ભરેલ ફી પરત આપવામાં આવશે નહીં.. | ❖ નિયમમાં સુધારો |
| ૮. હોદ્દેદારો | ❖ ટ્રસ્ટી મંડળ પોતાનામાંથી નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂંક કરશે.<br><br>❖ દરેક હોદ્દેદારોની મુદત બે વર્ષની રહેશે. | ❖ મહામંડળની સામાન્ય સભા નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂંક કરશે. પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી, સહમંત્રી, ખજાનચી તથા સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો.<br>❖ દરેક હોદ્દેદારોની મુદત બે વર્ષની રહેશે. જેમાં સામાન્ય સભા વધુ બે વર્ષ માટે લંબાવી શકશે. | ❖ નિયમમાં સુધારો |

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી હિરાલાલ અમૃતલાલ મહેતા સુરત | શ્રી હરકીશનદાસ ભગવાનદાસ પંચોલી સુરત

| | | | |
|---|---|---|---|
| ૯. ટ્રસ્ટી મંડળની ફરજો. | ❖ ટ્રસ્ટી મંડળ સામાન્ય સભાને સંયુકત રીતે જવાબદાર રહેશે.<br>❖ ટ્રસ્ટી મંડળ બંધારણના નિયમમાં રહી મંજુર થયેલ રકમ ખર્ચી શકશે. | ❖ ટ્રસ્ટી મંડળ સામાન્ય સભાને સંયુકત રીતે જવાબદાર રહેશે.<br>❖ ટ્રસ્ટી મંડળ /હોદ્દેદારો/કારોબારી સભા બંધારણના નિયમમાં રહી સંસ્થાના હેતુઓ માટે સામાન્ય સભા અને ટ્રસ્ટી મંડળની અપેક્ષાએ ખર્ચી શકશે, મદદો જે તે વર્ષની અંદાજીત આવકની મર્યાદામાં કરવાની રહેશે. | ❖ નિયમમાં સુધારો |
| ૧૦. સહ મંત્રીની ફરજો. | ❖ મહામંત્રીની અનઉપસ્થિતિમાં તેઓની તમામ જવાબદારી નિભાવશે.<br>❖ મહામંત્રીના તમામ કાર્યોમાં મદદ કરશે. | ❖ મહામંત્રીની અનઉપસ્થિતિમાં તેઓની તમામ જવાબદારી નિભાવશે.<br>❖ મહામંત્રીના તમામ કાર્યોમાં મદદ કરશે. | ❖ નિયમમાં સુધારો |
| ૧૧. ખજાનચીની ફરજો | ❖ મહામંડળના તમામ નાણાકીય વ્યવહારોનો હિસાબ રાખશે, તથા હિસાબી સ્ટેટમેન્ટ બનાવી પ્રમુખશ્રીને આપવાના રહેશે.<br>❖ સભ્યો તરફથી મળતી તથા મહામંડળનુ મળેલ દાન સ્વીકારી તેની રસીદ આપવાની રહેશે.<br>❖ હિસાબી વર્ષ પુરૂ થયે મહામંડળના હિસાબો તૈયાર કરી કાયદા મુજબ જરૂરી ઓડીટ કરાવવાની જવાબદારી તેઓની રહેશે. | ❖ મહામંડળના તમામ નાણાકીય વ્યવહારોનો હિસાબ રાખશે, તથા હિસાબી સ્ટેટમેન્ટ બનાવી પ્રમુખશ્રીને આપવાના રહેશે.<br>❖ સભ્યો તરફથી મળતી તથા મહામંડળનુ મળેલ દાન સ્વીકારી તેની રસીદ આપવાની રહેશે.<br>❖ હિસાબી વર્ષ પુરૂ થયે મહામંડળના હિસાબો તૈયાર કરી કાયદા મુજબ જરૂરી ઓડીટ કરાવવાની જવાબદારી તેઓની રહેશે. આ માટે જરૂર પડયે સી.એ./એકાઉન્ટન્ટની મદદ લઇ શકશે. તથા હિસાબી વર્ષ પુરૂ થયાના ત્રણ મહિનામાં હિસાબો ઓડીટ કરાવી લેવાના | ❖ નિયમમાં સુધારો |
| ૧૨. કારોબારી સમિતિ | ❖ ટ્રસ્ટી મંડળની કામગીરીમાં મદદ માટે કારોબારી નિમવામાં આવશે. જેમાં દરેક એકમો પોતાના ૨૫ સભ્યો દીઠ ૧ સભ્ય મહામંડળની કારોબારીમાં મોકલશે.<br>❖ નવો વધારો<br>❖ નવો વધારો<br>❖ નવો વધારો | ❖ ટ્રસ્ટી મંડળની કામગીરીમાં મદદ માટે સામાન્ય સભામાં સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો નિમવામાં આવશે. જેઓ કારોબારીના સભ્યો ગણાશે. ઉપરાંત દરેક એકમોના પ્રમુખ-મંત્રી પણ મહામંડળની કારોબારીના સભ્યો ગણાશે.<br>❖ કારોબારીની વર્ષમાં ઓછામાં ઓછી એક મિટિંગ બોલાવવાની રહેશે. જેને માટે દરેક સભ્યને ઓછામાં ઓછા ૮ દિવસ પહેલા પત્ર/એસ.એમ.એસ/સોશ્યલ મીડીયા/ફોન દ્વારા સ્થળ સમયની જાણ કરવાની રહેશે.<br>❖ કારોબારી સામાન્ય સભાની મંજુરી અપેક્ષાએ બહુમતીથી જરૂરી નિર્ણયો લઇ શકશે.<br>❖ ચર્ચા દરમ્યાન વોટીંગની જરૂર પડે અને સરખા મત પડશે તો મહામંડળના પ્રમુખશ્રી પોતાનો એક વધારાનો કાસ્ટીંગ મત આપી રીઝલ્ટ જાહેર કરશે. | ❖ નિયમમાં સુધારો |


સ્વ. શાંતિલાલ ફકીરભાઈ પંચોલી સુરત સ્વ. જગજીવનદાસ કલ્યાણજી ગજ્જર સુરત

| નિયમ નં. | હાલ મુજબ(રજી) | પ્રપોઝ સુધારા | રીમાર્ક |
|---|---|---|---|
| ૧૩. નાણાકીય વ્યવહાર | ❖ મહામંડળને નામે કોઇ પણ બેન્કમાં ખાતુ ખોલાવવામાં આવશે, અને હોદ્વેદારો પૈકી કોઇ પણ બેની સહીથી બેન્કના વહેવાર કરવાના રહેશે. | ❖ મહામંડળને નામે તથા મહામંડ્રની સંલગ્ન સંસ્થા તથા મહામંડળના જોઇન્ટ નામે કોઇપણ નેશનલાઇઝ બેન્કમાં ખાતુ ખોલાવવામાં આવશે અને સામાન્ય સભામાં જે ઠરાવ થાય તે મુજબના હોદ્વેદારોની સહીથી બેન્કના વહેવારો કરવાના રહેશે, સામાન્ય સભાની મંજુરીથી બેન્ક ફિક્સ ડિપોઝીટ, મ્યુચ્યુઅલ ફંડ એન.સી.ડી. સીક્યોર ફંડમાં રોકાણ કરી શકશે કોઇપણ સંજોગોમાં ત્રણથી ઓછી સહીથી કોઇપણ ખાતુ ઓપરેટ કે નાણાકીય વ્યવહારો કરી શકશે નહીં. | |
| ૧૪. નાણાકીય વર્ષ | ❖ મહામંડળનું નાણાંકીય વર્ષ ૧ એપ્રિલથી ૩૧ માર્ચ રહેશે. | ❖ મહામંડળનું નાણાંકીય વર્ષ ૧ એપ્રિલથી ૩૧ માર્ચ અથવા સરકારશ્રીના નિયમ મુજબ જે જાહેર કરવામાં આવે તે રહેશે. | ❖ નિયમમાં સુધારો |
| ૧૫. સામાન્ય સભા | ❖ નોંધાયેલ સભ્યોની મળનારી સભા સામાન્ય સભા કહેવાશે, આ સભા વર્ષમાં એક વાર મળશે. આવી સભા હિસાબી વર્ષ પુરૂ થયાના ત્રણ માસમાં મળશે. સામાન્ય સભામાં ગત વર્ષના હિસાબોને મંજુરી આપવાની રહેશે. | ❖ નોંધાયેલ સભ્યોની મળનારી સભા સામાન્ય સભા કહેવાશે, આ સભા વર્ષમાં એક વાર મળશે. આવી સભા હિસાબી વર્ષ પુરૂ થયાના છ માસના અંત સુધીમાં મળશે. સામાન્ય સભામાં ગત વર્ષના હિસાબોને મંજુરી આપવાની રહેશે. | ❖ નિયમમાં સુધારો |
| | ❖ સામાન્ય સભાનું કોરમ ૧/૩ સભ્યોનું રહેશે. કોરમના અભાવે મુલતવી રહેલ સભા ૧ કલાક બાદ ફરી મળશે. જે કાયદેસરની ગણાશે. | ❖ સામાન્ય સભાનું કોરમ ૫૦ સભ્યોનું રહેશે. કોરમના અભાવે મુલતવી રહેલ સભા ૧/૨ કલાક બાદ ફરી મળશે. જે કાયદેસરની ગણાશે. | ❖ નિયમમાં સુધારો |
| | ❖ સામાન્ય સભામાં ઓડીટરની નિમણૂંક કરવામાં આવશે. | ❖ સામાન્ય સભામાં ઓડીટરની નિમણૂંક કરવામાં આવશે. | |
| | ❖ સામાન્ય સભાની નોટીસમાં દરેક એકમને ૧૫ દિવસ પહેલા સ્થળ, સમયની જાણકારી આપવાની રહેશે. આ જાણકારી ટપાલ, ફોન, તાર દ્વારા આપી શકાશે. | ❖ સામાન્ય સભાની નોટીસમાં દરેક એકમને ૧૫ દિવસ પહેલા સ્થળ, સમયની જાણકારી આપવાની રહેશે. આ જાણકારી ટપાલ, ફોન, ઇ-મેલ, એસ.એમ.એસ., વોટસએપ કે અન્ય સોશ્યલ મીડીયા દ્વારા આપવામાં આવશે. | ❖ નિયમમાં સુધારો |
| | ❖ મહામંડળની સામાન્ય સભામાં દરેક એકમ પોતાના ૫ સભ્ય દીઠ એક સભ્ય મોકલી શકશે. | ❖ મહામંડળની સામાન્ય સભામાં દરેક એકમ પોતાના રજીસ્ટર થયેલ સભ્યો પૈકી ૫ સભ્ય દીઠ એક સભ્ય મોકલી શકશે. | |
| | ❖ નવો વધારો | ❖ મહામંડળની સામાન્ય સભા સર્વોચ્ચ ઓથોરીટી ગણાશે, તેના ઠરાવ વિરૂધ્ધ કોઇપણ હોદ્વેદારો એકમ કે ટ્રસ્ટીઓ કાર્ય કરી શકશે નહીં. | |

| નિયમ નં. | હાલ મુજબ(રજી) | પ્રપોઝ સુધારા | રીમાર્ક |
|---|---|---|---|
| ૧૬. ટ્રસ્ટી મંડળની સભા | ❖ ટ્રસ્ટી મંડળની સભા વર્ષમાં ઓછામાં ઓછી એક વાર મળશે. | ❖ ટ્રસ્ટી મંડળની સભા વર્ષમાં ઓછામાં ઓછી એકવાર મળશે જેમાં મહામંડળના પ્રમુખ તથા મંત્રી હોદ્દાની રૂએ ભાગ લેશે. | |
| | ❖ ટ્રસ્ટી મંડળની સભાની જાણકારી ૪૮ કલાક પહેલા કરવાની રહેશે. | ❖ ટ્રસ્ટી મંડળની સભાની જાણકારી ૮ દિવસ પહેલા કરવાની રહેશે. જે મહામંડળની કારોબારી સાથે બોલાવી શકાશે. | ❖ નિયમમાં સુધારો |
| | ❖ ટ્રસ્ટી મંડળની સભામાં જરૂર જણાય ત્યાં પ્રમુખશ્રી પોતાનો વધારાનો કાસ્ટીંગ મત આપી શકશે. | ❖ ટ્રસ્ટી મંડળની સભામાં જરૂર જણાય ત્યાં પ્રમુખશ્રી પોતાનો વધારાનો કાસ્ટીંગ મત આપી શકશે. | ❖ નિયમમાં સુધારો |
| ૧૭. ખાસ સામાન્ય સભા | ❖ નોંધાયેલ એકમો પૈકી ૧૦ એકમો પ્રમુખશ્રીને સંયુકત લેખિત અરજી કરી ખાસ સામાન્ય સભા બોલાવવા માંગણી કરી શકશે. | ❖ નોંધાયેલ એકમો પૈકી ૧૦ એકમો પ્રમુખશ્રીને સંયુકત લેખિત અરજી કરી ખાસ સામાન્ય સભા બોલાવવા માંગણી કરી શકશે. | |
| | ❖ નવો વધારો | ❖ જરૂર પડયે વિશિષ્ટ કાર્ય માટે મહામંડળના હોદ્દેદારો ખાસ સામાન્ય સભા બોલાવી શકશે. | |
| | ❖ ખાસ સામાન્ય સભા માટે આવેલ અરજી ધ્યાને લઇ સભા બોલાવવી કે નહી તે તમામ નિર્ણય તે સમયના ટ્રસ્ટી મંડળ બહુમતીથી નિર્ણય લઇ સભા બોલાવશે. આ ખાસ સામાન્ય સભાની જાણ તમામ સભ્યોને ત્રણ દિવસ પહેલા કરવાની રહેશે. આવી સભામાં એજન્ડા સિવાયના કોઇ વધારાના કાર્ય કરી શકાશે નહીં. | ❖ ખાસ સામાન્ય સભા માટે આવેલ અરજી ધ્યાને લઇ સભા બોલાવવી કે નહી તે તમામ નિર્ણય તે સમયના ટ્રસ્ટી મંડળ બહુમતીથી નિર્ણય લઇ સભા બોલાવશે. આ ખાસ સામાન્ય સભાની જાણ તમામ સભ્યોને ૮ દિવસ પહેલા કરવાની રહેશે. આવી સભામાં એજન્ડા સિવાયના કોઇ વધારાના કાર્ય કરી શકાશે નહીં. | |
| ૧૮. ભંડોળ | ❖ મહામંડળ દાન, બક્ષીસ ભેટ, સભ્ય ફી, લવાજમ ફી કે અન્ય રીતે મળેલ આવક મેળવશે જે તેનું ભંડોળ કહેવાશે અને તેનો ઉપયોગ ટ્રસ્ટના હેતુ માટે કરવામાં આવશે.. | ❖ મહામંડળ દાન, બક્ષીસ ભેટ, સભ્ય ફી, લવાજમ ફી કે અન્ય રીતે મળેલ આવક મેળવશે જે તેનું ભંડોળ કહેવાશે અને તેનો ઉપયોગ ટ્રસ્ટના હેતુ માટે કરવામાં આવશે.. | |
| | ❖ મહામંડળને કોઇપણ દાતા તરફથી મળતા શરતી કે બિનશરતી દાન સ્વીકારી તેમના નામ જોગ ભંડોળ બતાવી શકાશે તથા દાનની શરત મુજબ ફંડ વાપરવામાં આવશે. | ❖ મહામંડળને કોઇપણ દાતા તરફથી મળતા શરતી કે બિનશરતી દાન સ્વીકારી તેમના નામ જોગ ભંડોળ બતાવી શકાશે તથા દાનની શરત મુજબ ફંડ વાપરવામાં આવશે. | |
| ૧૯. અન્ય વિભાગ | ❖ મહામંડળનું પ્રકાશન વિભાગ હશે જે નીચે મુજબ કાર્ય કરશે. | ❖ મહામંડળનું પ્રકાશન વિભાગ હશે જે નીચે મુજબ કાર્ય કરશે. | |
| | ❖ મહામંડળના પત્ર પ્રકાશનનું નામ પંચોલી નવયુગ રહેશે. જેનો ધ્યેય સમાજની ઉન્નતિનો રહેશે. | ❖ મહામંડળના પત્ર પ્રકાશનનું નામ પંચોલી નવયુગ રહેશે. જેનો ધ્યેય સમાજની ઉન્નતિનો રહેશે. | |
| | ❖ પ્રકાશનની વ્યવસ્થા પ્રકાશન સમિતિ દ્વારા કરવામાં આવશે જેની નિમણૂંક સામાન્ય સભા કરશે. | ❖ પ્રકાશનની વ્યવસ્થા પ્રકાશન સમિતિ દ્વારા કરવામાં આવશે જેની નિમણૂંક સામાન્ય સભા કરશે. | |

| નિયમ નં. | હાલ મુજબ(રજી) | પ્રપોઝ સુધારા | રીમાર્ક |
|---|---|---|---|
| | ❖ સમિતિની મુખ્ય જવાબદારી પ્રકાશનના લખાણ અને આર્થિક મર્યાદામાં રહીને પ્રકાશન બહાર પાડવાનું રહેશે.<br>❖ મહામંડળની કાર્યવાહીને પ્રકાશન સમિતિના કાર્ય અંગે ખુલાસો મેળવવાનો હકક કહેશે.<br>❖ મહામંડળની કાર્યવાહીને પ્રકાશન સમિતિનો ખુલાસો યોગ્ય ના લાગે તો સામાન્ય સભા સમક્ષ રજુ કરશે અને સામાન્ય સભાનો નિર્ણય આખરી ગણાશે.<br>❖ પત્ર પ્રકાશનનો ખર્ચ આવેલ લોનના વ્યાજમાંથી અને પ્રકાશન ફંડમાંથી કરવાનો રહેશે, અને પત્ર પ્રકાશનમાં એ આવેલ ભેટ, જાહેરાતના નાણા પ્રકાશન ફંડમાં જમા કરાવવાના રહેશે.<br>❖ પ્રકાશન માટે આવેલ વિશિષ્ટ ભેટ સ્વીકારી પત્ર પ્રકાશનમાં જમા થશે અને પ્રકાશન માટે તેનો ઉપયોગ થઇ શકશે.<br>❖ નવો ઉમેરો | ❖ સમિતિની મુખ્ય જવાબદારી પ્રકાશનના લખાણ અને આર્થિક મર્યાદામાં રહીને પ્રકાશન બહાર પાડવાનું રહેશે.<br>❖ ❖ મહામંડળની કાર્યવાહીને પ્રકાશન સમિતિના કાર્ય અંગે ખુલાસો મેળવવાનો હકક કહેશે.<br>❖ મહામંડળની કાર્યવાહીને પ્રકાશન સમિતિનો ખુલાસો યોગ્ય ના લાગે તો સામાન્ય સભા સમક્ષ રજુ કરશે અને સામાન્ય સભાનો નિર્ણય આખરી ગણાશે.<br>❖ પત્ર પ્રકાશનનો ખર્ચ આવેલ લોનના વ્યાજમાંથી અને પ્રકાશન ફંડમાંથી કરવાનો રહેશે, અને પત્ર પ્રકાશનમાં એ આવેલ ભેટ, જાહેરાતના નાણા પ્રકાશન ફંડમાં જમા કરાવવાના રહેશે.<br>❖ પ્રકાશનમાટે આવેલ વિશિષ્ટ ભેટ સ્વીકારી પત્ર પ્રકાશનમાં જમા થશે અને પ્રકાશન માટે તેનો ઉપયોગ થઇ શકશે.<br>❖ મહામંડળ પોતાના હેતુઓ માટે અલગ અલગ સંસ્થા બનાવી શકશે. જે મહામંડળની સંલગ્ન સંસ્થા તરીકે કાર્ય કરશે, તથા જે તે હેતુ માટે ફંડ ઉઘરાવી શકશે અને મળેલ દાન મુજબના હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે આ સંસ્થાઓ મહામંડળની કારોબારી સભાને જવાબદાર રહેશે. જેના વ્યવહારો મહામંડળના નામે કરવાના રહેશે... | |
| ૨૦. બુધારણમાં સુધારા | ❖ જો કોઇપણ સંજોગોમાં બંધારણમાં સુધારા વધારા કરવાની જરૂરીઆત ઉપસ્થિત થાય તો તે સમયના મુંબઇ પબ્લિક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ મુજબ સામાન્ય સભામાં યોગ્ય ઠરાવ કરીને જેને સુધારા વધારા કરવામાં આવશે. | ❖ જો કોઇપણ સંજોગોમાં બંધારણમાં સુધારા વધારા કરવાની જરૂરીઆત ઉપસ્થિત થાય તો તે સમયના મુંબઇ પબ્લિક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ મુજબ સામાન્ય સભામાં યોગ્ય ઠરાવ કરીને જેને સુધારા વધારા કરવામાં આવશે. આવી સભામાં એજન્ડા સીવાય અન્ય કોઇ કાર્ય કરી શકાશે નહીં.. | ❖ નિયમમાં સુધારો |

❖ ઉપર મુજબનું કરવા ધારેલ સુધારા સહિતનું સુધારેલ બંધારણને તારીખ ૨૮.૦૪.૨૦૧૯ ના રોજ મળેલ કારોબારી સમિતિએ મંજુરી આપેલ છે..

આપશ્રીના કોઇપણ સજેશન હોય તો તા. ૨૫ જુન પહેલા મહામંત્રીશ્રીને લેખીતમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી હવે પછી આગળની કાર્યવાહી કરી શકાય.............

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી

## વર્ષ ૨૦૧૯-૨૦૨૦

## અરજીપત્ર

અરજદારનું નામ : ..............................................................................................

ઉંમર : ..................... વ્યવસાય : ......................................................................

સંપૂર્ણ સરનામું : .............................................................................................

..............................................................................................................................

............................................................ જીલ્લો : .............. રાજ્ય : ................

પીનકોડ : .......................... ફોન : ..........................................................................

બેંકનું નામ : ..............................બ્રાંચ :...................... A/c No. :.............................

સહાયનો પ્રકાર : (અ) વિકલાંગ/વૈદકીય (બ) નિરાધાર વ્યકિત સહાય

(ક) ઉચ્ચ શિક્ષણ સહાય(વિદ્યાર્થી) (ડ) ઉચ્ચ શિક્ષણ સહાય (વિદ્યાર્થીની)

ઉપરોક્ત સહાય માટેની સંપૂર્ણ વિગતો : ..........................................................

..............................................................................................................................

કુટુંબમાં કમારનાર વ્યકિત : (૧) ................................ માસિક આવક ...........................

(૨) ............................... માસિક આવક ...........................

કુટુંબના કુલ સભ્યો : (૧) વડિલ / યુવાન ................... (૨) ૧૯ વર્ષની નીચેના ...............

સવિનય સહ જણાવવાનું કે જે ઉપરોક્ત જણાવેલ દરેક વિગતો સાચી છે મને થતી સહાય કરવા વિનંતી.

અરજદારની સહી .......................

સાક્ષીનું નામ : ..................................................................................................

સ્થળ : ....................................... સાક્ષીની સહી : ..........................................

### ભલામણપત્ર

શ્રી/શ્રીમતી.....................................................................ની અરજીમાં લખેલ વિગત તપાસીને ખાત્રી કરી છે અને એની વિગતો સાચી છે. એમને મદદ કરવા ભલામણ કરું છું.

સહી : ............................

હોદ્દો : પ્રમુખ/મંત્રી/ખજાનચી

એકમ : ............................

(એકમનો રબર સ્ટેમ્પ)

**અરજી મોકલવાનું સરનામું :- શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ**
C/O પ્રેમી મોહન એજન્સી, ગાલા નં. ૧૨૪, સાગર ઈન્ડ. એસ્ટેટ, ટોલ નાકા પાસે, વેસ્ટર્ન એક્ષપ્રેસ હાઈવે,
દહીસર (ઈસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૬૮

**નોંધ :** ❖ આ અરજીની વધારે કોપી ન હોય તો ઝેરોક્ષ સ્વીકારવામાં આવશે. ઉપરોક્ત માહિતીમાં વિધવા બહેનો હોય તેમણે આગળ ગં.સ્વ. લખવું. ❖ **સરનામું વ્યવસ્થિત** અને **પીનકોડ નંબર** સાથે લખવું જરૂરી છે. અધુરું સરનામુ અને પીનકોડ નંબર લખ્યો ન હશે તો એવી અરજી પર ધ્યાન આપવામાં આવશે નહીં. ❖ અરજદાર જે એકમના હશે તેમણે તે એકમના પ્રમુખ/મંત્રી/ખજાનચીની સહી અને એકમનો રબર સ્ટેમ્પ મરાવવો ફરજીયાત રહેશે. ❖ એકમના હોદ્દેદારોને ખાસ વિનંતી કે તેમણે તેમના અરજદારોની અરજીની ઝેરોક્ષ કોપી કાઢીને પોતાની પાસે રાખવી. કારણ કે કદાચ ટ્રસ્ટીઓને અરજી માટે શંકા જાગે તો તેઓ આપશ્રીને અરજદાર માટે પૂછી શકે છે. ❖ **ઉપરોક્ત અરજી 30 જુન પહેલા મળી જાય એ રીતે મોકલવી** ❖ આ ટ્રસ્ટની મદદ ફક્ત શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને તેમના એકમના સભ્યો પૂરતી જ મર્યાદિત છે.

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી સંજીવ પંચોલી વડોદરા | શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

# ફાધર્સ ડે......

મૃદુતા મિસ્ત્રી પંચોલી
સુરત



દર વર્ષે જુન મહિનાનો ત્રીજો રવિવાર ફાધર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ અમુક તારીખે, અમુક દિવસે અને આ દિવસે ઉજવવાનું કોણે નક્કી કર્યુ એ તો ખબર નથી પરંતુ આ કોન્સેપ્ટ બહુ સમજમાં આવતો નથી.

વર્ષમાં એક વખત મધર્સ ડે અને ફાધર્સ ડે ઉજવી દેવાનો પછી આખુ વર્ષ હરિ હરિ..

જેમણે આખી જિંદગી તમને આપી એના માટે વર્ષમાં એક દિવસ કેવી રીતે નક્કી કરી શકો ? ફાધર્સ ડે આવશે, બધા સવારમાં પપ્પાના વિષે કહેશે. ફેશબુક પર ફોટા મુકશે. એકાદુ ગીફ્ટ આપશે.. અને પતી ગયો ફાધર્સ ડે.. ત્યાર પછીના કેટલા દિવસો કેટલા જણ સવારે ઉઠીને પપ્પાને પુછે છે કે કેટલાને ફિકર હોય છે કે પપ્પા હજુ આવ્યા નથી કે પપ્પા ઘરમાં નથી.

મમ્મી કહેશે જો ને ફોન કરને પપ્પા હજુ આવ્યા કેમ નથી ? તો કહેશે છોડને મિટિંગમાં હશે. આતો એમનું રોજનું જ છે. કદી વિચાર્યુ છે આ રોજનું જ કોના માટે છે ? કોના માટે એ માણસ સવારથી સાંજ સુધી બાઇક લઇને રખડે છે ? એ ચાહે તો આરામ નથી કરી શકતા ? એ પણ જવાબદારીઓમાંથી છટકી શકે છે. પરંતુ એ એવું ક્યારેય કરશે નહી. કારણ કે એ એક પિતા છે...

પોતાના માટે બચાવેલા કેટલાય પૈસા એ છોકરાઓની સ્કૂલની ટ્રીપ, છોકરાઓના શોખ યા બીજી જરૂરીઆતોની પાછળ હસતાં મોઢે ખર્ચી નાંખતો હોય છે અને બદલામાં એને શું મળે ? આ જ 'છોડ ને, એતો રોજનું જ છે એમનું..'

આમાં થોડે ઘણે અંશે વાંક આપણી કહેવાતી પુરૂષ પ્રધાન સંસ્કૃતિનો પણ છે.. જેમાં પુરૂષો વિશે સારા કરતાં ખરાબ વધારે લખાયું છે..

છોકરૂં બીજા ધોરણમાં આવે એટલે ગુજરાતીમાં નિબંધ આવવા માંડે 'મારી મમ્મી' ત્રીજા ધોરણમાં આવે એટલે 'મારી માતા', ચોથા ધોરણમાં આવે એટલે 'મા વિનાનું જીવન' પાંચમાં માં આવે એટલે ' મા મમતાની મુરત' બસ નિબંધના નામો બદલાતા જાય પણ ટોપિક એનો એજ...

ક્યારેય કોઇ સ્કૂલમાં જોયું છે.. 'મારા પિતા ' કે 'મારા પિતા મારો આદર્શ' એવો કોઇ નિબંધ પુછાયો કે શીખવાડ્યો હોય.. માતાનું સ્થાન તો અમૂલ્ય છે. એને કોઇ નિબંધમાં સમાવી ન શકાય પરંતુ એ સ્થાનને એટલું બધુ હાઇલાઇટસ કરવામાં આવે છે કે બિચારા પિતાજીના આદર્શો ક્યાંય છેલ્લી પાટલીએ ધકેલાય જાય છે. બાળપણથી જ બાળકને પિતાનું મહત્વ સમજાવો. જે રીતે માતાના ત્યાગ અને બલિદાનની વાતો થાય છે. એ રીતે પિતાના આદર્શો અને સમર્પણો પણ બાળકને સમજાવો જેથી એ પોતાના પિતાને એ નજરથી જોતા શીખે.

પિતાની જિંદગી બોલીવુડના ફિલ્મ ડાઇરેક્ટર જેવી છે. કોઇપણ ફિલ્મ હીટ જાય એટલે બધો શ્રેય હીરો હીરોઇનને આપે. ખૂબ સરસ એકટિંગ.. સુપર્બ મુવી.. આ સુપરહીટ મુવીની પાછળ હાથ કોનો ? બધા એવું સમજે છે કે પરદા પર દેખાતા લોકોનો કમાલ છે. પરંતુ એ કમાલ પરદાની પાછળ રહેલા માણસોની છે, જેની મહેનતથી આજે આ ફિલ્મ સપરહીટ થઇ છે...

જિંદગીમાં પિતાનો રોલ પણ પરદા પાછળના ડિરેક્ટર જેવો છે. તમે જિંદગીમાં ખૂબ મોટા માણસ બની ગયા, સારી વાત છે.. પણ કદી વિચાર્યુ છે એના પાયામાં કોણ છે.. કોના સપોર્ટથી આજે તે આ મુકામ પર છો...

તમારી સુપરહીટ જિંદગીના પાયામાં પરદા પાછળ નો એ ડિરેક્ટર તમારા પિતાજી છે. જેણે પોતાની આખી જિંદગી ખર્ચી નાખી તમારી જિંદગીની ફિલ્મને સુપરહીટ બનાવવા.

આવા માતા-પિતા માટે જિંદગીમાં એક દિવસ નક્કી કરી ઉજવવો યોગ્ય છે ?

આપણા જિંદગીના તો બધા દિવસો એમને સમર્પિત છે. જેમના થકી આપણી જિંદગી છે.. બાકી એકાદ દિવસ ગીફ્ટ આપીને આખુ વર્ષ તેઓની તરફ જોતા પણ ના હોય એ લોકો મધર્સ ડે, ફાધર્સ ડેનો મતલબ ક્યારેય ના સમજી શકે...❖

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ ૭૫મું વર્ષ અમૃત વર્ષ-૨૦૧૯-૨૦૨૦ કારોબારી સભા નં. ૧

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અમૃત વર્ષની કારોબારી સભા : ૧નું આયોજન રવિવાર તા. ૨૮.૦૪.૨૦૧૯ના રોજ બપોરે ૨.૩૦ કલાકે કારોબારી સભ્યશ્રી જયદીપ ગીરીષભાઇ ઝવેરીના નિવાસ સ્થાને કાંદિવલી મુકામે યોજવામાં આવી જેમાં નીચે મુજબના એજન્ડા પર ચર્ચા-વિચારણા તેમજ સંમતિ-મંજુરી લેવામાં આવેલ છે.

**એજન્ડા ૧ :-** ગત કારોબારી સભા વર્ષ ૨૦૧૮-૧૯ની સભા નં.૬ની મિનિટસનું વાંચન મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યુ જેને સર્વાનમતે પાસ જાહેર કરવામાં આવ્યું.

**એજન્ડા ૨ :-** શ્રી પં.સે.સ.મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થાઓના અમૃતવર્ષના કારોબારી સભ્યોની નિમણૂંક તેમજ વિવિધ અન્ય સમિતિની રચના. જેની પ્રસ્તાવના પ્રમુખશ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી દ્વારા કરવામાં આવી. જે નીચે મુજબ છે.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ 'અમૃત વર્ષ' ૨૦૧૯-૨૦ કારોબારી સભ્યોની નામાવલી

| | |
|---|---|
| પ્રમુખ | શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી-મીરારોડ |
| ઉપપ્રમુખ | શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા-મીરારોડ |
| ઉપપ્રમુખ | શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રી-અંધેરી |
| મંત્રી | શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ |
| સહમંત્રી | શ્રી કમલ ઇશ્વરલાલ મિસ્ત્રી-ખેતવાડી |
| સહમંત્રી | શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી-મીરારોડ |
| ખજાનચી | શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલી-માહિમ |
| સહ ખજાનચી | શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ |
| ઓડિટર | શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી-શાંતાક્રુઝ |
| કારોબારી સભ્યો | શ્રી ચેતન મોહનલાલ કાપડિયા |
| | શ્રી પ્રતિક કમલેશભાઇ પંચોલી-બોરીવલી |
| | શ્રી દિવ્યકાંત ભરતભાઇ મિસ્ત્રી-તારદેવ |
| | શ્રી કમલેશ ધીરજલાલ પંચોલી-મુંબઇ |
| | શ્રી નયન નવિનભાઇ મિસ્ત્રી-મીરારોડ |
| | શ્રી કૃણાલ રાજેન્દ્રભાઇ પંચોલી-મુંબઇ |
| | શ્રી જયદીપ ગિરીશભાઇ ઝવેરી-મુંબઇ |
| | શ્રી હિરલભાઇ સુરેશભાઇ મિસ્ત્રી-અંધેરી |

**ભગીની સમાજ**

પ્રમુખ શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા-મીરારોડ

**યુવા મંચ આવિષ્કાર ગ્રુપ**

શ્રી હર્ષ ભાવિક કાપડિયા-મીરારોડ

**શ્રી લીલાવતી છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટ-સંચાલકો**

શ્રી રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી શ્રી વિશાલ કમલ કાપડિયા
શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રી કુંતલ પ્રફુલ પંચોલી શ્રી નિલેશ રજનીકાંત પંચોલી

**શ્રી પંચોલી સેવા સમાજ જમણવાર સમિતિ**

શ્રી કમલ ઇશ્વરલાલ મિસ્ત્રી શ્રી કમલેશ ધીરજલાલ પંચોલી

**નવયુગ પ્રકાશન સંચાલકો**

શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી
શ્રી જયદીપ ગિરીશ ઝવેરી

**સરક્યુલર અને વાર્ષિક અહેવાલ પ્રકાશન સમિતિ**

શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી
શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા
શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રી દિવ્યકાંત ભરતભાઇ મિસ્ત્રી શ્રી જયદીપ ગિરીષ ઝવેરી

**ઓર્થોરાઇઝડ સીગ્નેટરી**

શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલી
શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા
શ્રી મુકેશ પરમાનંદ પંચોલી શ્રી નિલેશ રજનીકાંત પંચોલી

**શ્રી પં.સે.સ. મહામંડળ પ્રતિનિધિ**

શ્રી મુકેશ પરમાનંદભાઇ પંચોલી
શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી
શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી
શ્રી જયંતીભાઇ મંગુભાઇ મિસ્ત્રી
શ્રી ચેતન મોહનલાલ કાપડિયા
શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા
તથા શ્રી પં.સે.સ. મુંબઇના તમામ કારોબારી સભ્યો

**અંત્યેષ્ઠી યોજના સમિતિ**

શ્રી પં.સે.સ. મુંબઇના તમામ કારોબારી સભ્યો

**શ્રી પં.સે.સ. મુંબઈ નિભાવફંડ કલેકશન સમિતિ**

મુંબઇ વિભાગ : ૧. શ્રી પરાગ મિસ્ત્રી ૨. શ્રી કમલ મિસ્ત્રી
૩. શ્રી કમલેશ પંચોલી ૪. શ્રી દિવ્યકાંત મિસ્ત્રી
દાદરથી અંધેરી વિભાગ : ૧ શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રી
૨. શ્રી હિરલભાઇ મિસ્ત્રી ૩. શ્રી કુંતલ પંચોલી

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી મુકુંદલાલ હિરાલાલ પંચોલી વડોદરા | શ્રી બાબુલાલ રામદાસ મપારા વડોદરા

જોગેશ્વરી થી બોરીવલી : ૧ પ્રતિક પંચોલી ૨. શ્રી હર્ષ કાપડિયા

દહિસર થી વિરાર : શ્રી ચેતન કાપડિયા ૨. શ્રી રાહુલ મિસ્ત્રી ૩ શ્રી નયન મિસ્ત્રી ૪. શ્રી વિશાલ કાપડિયા ૫. શ્રીમતિ અનુરાધા કાપડિયા તથા શ્રી પંસે.સ. મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થાઓના તમામ કારોબારી સભ્યો.

**મ્યુ.ફંડ દેખરેખ સમિતિ :** શ્રી પરાગ મિસ્ત્રી, શ્રી નયન મિસ્ત્રી, શ્રી દિવ્યકાંત મિસ્ત્રી, શ્રી કમલેશ પંચોલી

**શ્રી પંચોલી ભગીની સમાજ કારોબારી સભ્યો**

| | |
|---|---|
| પ્રમુખ | શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા-મીરારોડ |
| ઉપપ્રમુખ | શ્રીમતિ નીતાબેન દિપક પંચોલી-વસઇ |
| મંત્રી | શ્રીમતિ ઇલાબેન રજનીકાંત પંચોલી-વસઇ |
| ખજાનચી | શ્રીમતિ કેતના મનિષ પંચોલી-મુંબઇ |
| સહખજાનચી | શ્રીમતિ જાગૃતિ ચંદ્રવદન મહેતા-મુંબઇ |
| કારોબારી સભ્યો | શ્રીમતિ મનીષા ભાવિક કાપડિયા-મીરારોડ |
| | શ્રીમતિ પ્રતિમા ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર |
| | શ્રીમતિ કવિતા વિજય પંચોલી-મુંબઇ |
| | શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી-મીરારોડ |
| | શ્રીમતિ જાગૃતિ રાકેશ મિસ્ત્રી-મીરારોડ |
| | શ્રીમતિ રેશ્મા કલ્પેશ પંચોલી-અંધેરી |

**યુવા મંચ આવિષ્કાર ગ્રુપ કારોબારી સભ્યો**

| | |
|---|---|
| પ્રમુખ | શ્રી હર્ષ ભાવિકભાઇ કાપડિયા-મીરારોડ |
| ઉપપ્રમુખ | શ્રી પ્રતિક કમલેશ પંચોલી-કાંદિવલી |
| મંત્રી | શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી-મીરારોડ |
| ખજાનચી | શ્રીમતિ ડિમ્પલ નયન મિસ્ત્રી-મીરારોડ |
| કારોબારી સભ્યો | શ્રી વત્સલ રશ્મીન મિસ્ત્રી-મીરારોડ |
| | કુ. કિંજલ વિજય મહેતા-અંધેરી |
| | કુ. વૈશાખી કુમારેશ મિસ્ત્રી-મીરારોડ |
| | શ્રીમતિ કવિતા પ્રતિક પંચોલી-કાંદિવલી |
| | શ્રી મયૂર કમલભાઇ કાપડિયા-મીરારોડ |
| | કુ. કશ્વી રાહુલ મિસ્ત્રી-મીરારોડ |
| | શ્રીમતિ વૈદેહી વિશાલ કાપડિયા-મીરારોડ |

**યુવા મંચ સલાહકાર**

શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા-મીરારોડ
શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રી-અંધેરી

**એજન્ડા નં. ૩ :-** રામનવમી ઉત્સવ તથા નવચંડી યજ્ઞોત્સવ વર્ષ ૨૪ તા. ૧૩.૦૪.૨૦૧૯ના હિસાબની રજુઆત અને મંજુરી જેની રજુઆત મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી દ્વારા રજુ કરવામાં આવ્યા જેને સર્વાનુમતે પાસ જાહેર કરવામાં આવ્યા.

**એજન્ડા ૪ :-** શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ વર્ષ ૭૫ 'અમૃત વર્ષ' માટેના વિવિધ અમૃત કાર્યક્રમોની રચના જાહેરાત અને ચર્ચા વિચારણા સહ મંજુરી.. જેમાં સૌ પ્રથમ તમામ કારોબારી દ્વારા નીચે મુજબના કાર્યક્રમ યોજવા માટેની વિશેષ ચર્ચા - વિચારણા દર્શાવી યોગ્ય રચના કરવામાં આવી.

❖ તા. ૪ મે-૨૦૧૯ શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇ દ્વારા ભાયંદર સ્થિત પેગોડા મંદિરનો અમૃત પ્રવાસ.

❖ શ્રી પં.સે.સ. મુંબઇ દ્વારા તા. ૨ જૂન ૨૦૧૯ તથા ૪ ઓગસ્ટ ૨૦૧૯ બન્ને રવિવારના દિને સવારે ૯.૩૦ કલાકે થી ૧૨.૩૦ સુધી અમૃત નોટબુક તેમજ અમૃત રોકડ તથા સ્કૂલ બેગ વિતરણનો અમૃત કાર્યક્રમ શ્રી રાકેશ રમેશચંદ્ર મિસ્ત્રીની દુકાન કલા મેડિકલ-મીરારોડ ખાતે

❖ શ્રી પં.સે.સ. મુંબઇ દ્વારા તા. ૩૦ જુન-૨૦૧૯ રવિવારના રોજ બપોરે ૩ થી ૫ કલાક દરમ્યાન શ્રી પં. ભગીની સમાજ દ્વારા સ્વાસ્થય માટે યોગાનું અમૃત આયોજન તથા તેજ દિવસે સાંજે યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા અમૃત ફન એન્ડ ફેરનો અમૃત કાર્યક્રમ.

❖ તા. ૧૩ અને ૧૪ જુલાઇ ૨૦૧૯ શનિ અને રવિવાર દરમ્યાન યુવા મંચ આવિષ્કાર ગ્રુપ મુંબઇ દ્વારા અમૃત પ્રવાસ.

❖ શ્રી પંચોલી ભગીની સમાજ દ્વારા ૬ ઓકટોબર ૨૦૧૯ રવિવારના રોજ અમૃત રાસગરબા સાથે દરેક વયના સભ્યો માટે અમૃત વેષભૂષા અને નૃત્ય હરિફાઇ. તથા શ્રી પંચોલી ભગીની સમાજ તથા શ્રી યુવામંચ આવિષ્કાર ગ્રુપના આજરોજ સુધીના તમામ કારોબારી સભ્યોનું વિશેષ અમૃત બહુમાન.

❖ શ્રી પ.સે.સ.મુંબઇ, શ્રી પ. ભગીની સમાજ તથા યુવા મંચ આવિષ્કાર ગ્રુપના સથવારે તા. ૮ ડિસેમ્બર ૨૦૧૯ના દિને 'અમૃત દિપોત્સવી રસોત્સવ'નું આયોજન.

❖ શ્રી પ.સે.સ.મુંબઇ, શ્રી પ. ભગીની સમાજ તથા યુવા મંચ આવિષ્કાર ગ્રુપના સથવારે જાન્યુઆરી-૨૦૨૦ અથવા ફેબ્રુઆરી ૨૦૨૦ દરમ્યાન દરેક વયના સભ્યો માટે 'અમૃત રમત-ગમત' દિવસની ઉજવણી

❖ યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા તા. ૧૦ માર્ચ-૨૦૨૦ મંગળવારના દિવસે 'અમૃત હોળી'ની રંગારંગ અમૃત ઉજવણી.

❖ યુવા મંચ-આવિષ્કાર ગ્રુપ દ્વારા અમૃત યુવા કૌશલ્ય

વિકાસ કાયક્રમનું આયોજન

❖ શ્રી પ.સે.સ.મુંબઇ, શ્રી પ. ભગીની સમાજ તથા યુવા મંચ આવિષ્કાર ગ્રુપના સથવારે વિવિધ અંધાશ્રમ, વૃધ્ધાશ્રમ અને અનાથાશ્રમની અમૃત મુલાકાત.

❖ તા. ૦૨ એપ્રિલ-૨૦૨૦, ગુરૂવાર ના રોજ શ્રી પં.સે.સ. મુંબઈની વેબસાઇટના માધ્યમથી ૭૫ વર્ષના યાદગાર સ્મરણોનું સુવેનિયર રૂપી અમૃત પ્રસારણ

❖ ૦૨ એપ્રિલ ૨૦૨૦ના રોજ ૧૧ અથવા ૨૫ યજમાન થકી અમૃત નવચડી યજ્ઞોત્સવ તેમજ રામનવમીનો અમૃત પવિત્ર ઉત્સવ તથા શ્રી પ.સે.સ.મુંબઇ, શ્રી પ. ભગીની સમાજ તથા યુવા મંચ આવિષ્કાર ગ્રુપની વાર્ષિક સામાન્ય સભા તથા આજરોજ સુધી શ્રી પંસે.સમાજ મુંબઇના તમામ કારોબારી સભ્યોનું વિશેષ અમૃત બહુમાન.

આ પ્રમાણે કાર્યક્રમની વિશેષ રચના કરવામાં આવી. મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રી દ્વારા નોટબુક તેમજ રોકડ વિતરણ કાર્યક્રમ પ્રસંગે અપાતી નોટબુક તેમજ રોકડ વિતરણ માટેની રકમમાં વધારા કરવાનું સૂચન દર્શાવવામમાં આવ્યા અને સર્વેની મંજુરીથી નીચે મુજબના વધારા કરવામાં આવ્યા.

| | | |
|---|---|---|
| ધો. ૧થી ૫ | નોટબુક નં. ૧૦ | રોકડ રૂા. ૬૦૦ |
| ધો. ૬ થી ૧૨ | નોટબુક નં. ૧૫ | રોકડ રૂા. ૧૦૦૦ |
| ધો. ૧૩ થી ૧૫ | | રોકડ રૂા. ૧૭૦૦ |

તેમજ ધો. ૧ થી ૧૦ને સ્કૂલબેગ નં.૧

દિપોત્સવી રસોત્સવ પ્રસંગે અપાતા રોકડ ઈનામ માટે નીચે મુજબ વધારા કરવામાં આવ્યા.

ધો.૧ થી ૫ પ્રથમ ઈનામ-રૂા. ૩૦૦

ધો. ૬ થી ૯ પ્રથમ ઈનામ-રૂા. ૪૦૦

ધો.૧૦ પ્રથમ ઈનામ-રૂા. ૭૦૦ દ્વિતીય ઈનામ-રૂા. ૫૦૦

ધો. ૧૧-૧૨ પ્રથમ ઈનામ-૮૦૦

સ્નાતક - અનુસ્નાતક દરેકને રૂા. ૧૫૦૦

સહમંત્રી શ્રી કમલ મિસ્ત્રી દ્વારા બે પ્રકારની સ્કૂલ બેગના સેમ્પલ સભામાં હાજર કરાયા જેમાંથી રૂા. ૩૨૦/- ની સ્કૂલ બેગ પર પસંદગી ઉતારી ૪ ડઝન સ્કૂલ બેગનો આર્ડર આપવા જણાવવામાં આવ્યુ હતું.


મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રી દ્વારા ૭૫ વર્ષ અમૃત વર્ષ માટે સુવેનિયર બનાવવાનો નો ટોટલ ખર્ચ સભા સમક્ષ દર્શાવવામાં આવ્યો સભામાં હાજર રહેલ સભ્યોના મંતવ્યો અને ચર્ચા-વિચારણા બાદ એવો નિર્ણય લેવાયો હતો કે સુવેનિયર છપાવવાના વધુ પડતા ખર્ચને નિયંત્રણમાં રાખવાના ઉદ્દેશ્યથી સુવેનિયરની ફકત સોફટ કોપી બનાવી શ્રી પંચોલી સેવા સમાજની વેબસાઇટ પર શ્રી રામનવમી એવં નવચંડી યજ્ઞોત્સવના કાર્યક્રમ પ્રસંગે પ્રસારીત કરવી.

શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇ દ્વારા અમૃત રાસગરબા ઉજવવા માટેનું સ્થળ તથા શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ દ્વારા આયોજિત અમૃત દિપોત્સવી રસોત્સવ માટેના ઓડિટોરીયમ નકકી કરવામાં આવ્યા. સમયના અભાવે બીજા અન્ય કાર્યક્રમ અંગેની ચર્ચા વિચારણા અગામી કારોબારી સભા ઉપર મુલતવી રાખવામાં આવી હતી.

**એજન્ડા ૫ :–** શ્રી પ્રમુખશ્રીની મંજુરી જેમાં અમૃત વર્ષ માટે વિશેષ બેનર બનાવવાના આયોજન ઘડવામાં આવ્યા હતા એને મંજુરી અપાય હતી. અમૃત વર્ષના તમામ કાર્યક્રમ દરમ્યાન એક અમૃત કુંભ રાખવો અને એ કુંભમાં જમા થયેલ રકમ વર્ષના અંતે વિવિધ આશ્રમોમાં દાનરૂપી આપવા જેવા નિર્ણયો લેવાયા હતા.

અંતમાં પ્રમુખશ્રી રાહુલભાઇ મિસ્ત્રી દ્વારા સભામાં હાજરી આપવા બદલ તેમજ અગત્યના નિર્ણયો ઉપર ચર્ચા-વિચારણા અને મંજુરી દર્શાવવા બદલ તમામ કારોબારી સભ્યોનો આભાર વ્યકત કરવામાં આવ્યો. સહમંત્રી કમલભાઇ મિસ્ત્રી દ્વારા શ્રી જયદીપ ગીરીષભાઇ ઝવેરી તેમજ તેમના પરિવારજનોનો આજની સભાનું આયોજન એમના નિવાસ સ્થાને રાખવા બદલ તથા ગરમાગરમ અલ્પાહાર અને ઠંડા પીણાં બદલ આભાર વ્યકત કરાયો હતો. શ્રી પં.સે.સ.મુંબઈની અમૃતવર્ષની કારોબારી સભાનં ૧ બરખાસ્ત જાહેર કરવામાં આવી હતી

## સ્વયં - સુરત



સ્વયં સુરતના અધ્યક્ષાના જણાવ્યા મુજબ દરેક એકમના સ્વયં ગ્રુપે પૂર્ણ કરવાના ટાસ્ક માંથી ધૂળેટી સેલીબ્રેશન બાદ વધુ એક ટાસ્ક સ્વયં સુરત દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે.

જેમાં સામાજિક હિતના કાર્ય રૂપે મે મહિનાના બપોરના તડકામાં ખડે પગે ડયુટી બજાવતા ટ્રાફિક પોલીસો તથા સફાઇ કર્મચારીઓને ઠંડી છાસનું વિતરણ કરવામાં આવ્યું. સ્વયં સુરતના ૧૨ સભ્યો તા. ૧૨.૦૫.૨૦૧૯ને રવિવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે ભેગા થયા હતાં. તેઓએ ૨૦ લીટર

છાસ તૈયાર કરી રસ્તા પર કામ કરતા સફાઇ કર્મચારીઓ તથા દરેક સીગ્નલ પર ફરજ બજાવતા ટ્રાફિક કર્મચારીઓ તથા અમુક બિલ્ડીંગના વોચમેનને ઠંડી છાસનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

## શ્રી પંચોલી સમાજ અમદાવાદ

તા. ૨૪.૦૪.૨૦૧૯ને બુધવારે 'ક્રિશ્ના કલા કલમ' સંસ્થા આયોજીત ૧૪મું બાળકલાકારોનું ચિત્ર પ્રદર્શન 'વિષ્ણં અવતાર દર્શનમ્' અમદાવાદની ગુફા, ગુજરાત યુનિ. સામે યોજાયુ. કલાગુરૂ સુપ્રસિધ્ધ ચિત્રકાર જય પંચોલીનું બુકે-મોમેન્ટોથી બહુમાન કરાયું સંસ્થાનું મુખપત્ર 'કલા કલરવ'નું ઉદ્‌ઘાટન બાદ મનનીય પ્રવચન આપ્યું.

તા. ૨૬.૦૪.૨૦૧૯ શુક્રવારે કનોરિયા આર્ટ સેન્ટર ગુજરાત યુનિ. સામે 'રંગ રંગીલી કુદરત' ચિત્ર પ્રદર્શન અભિનવ આર્ટસના ઉપક્રમે ૩ વર્ષથી લઇને ૬૩ વર્ષના કલાકારોનું ચિત્ર પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બન્યુ. અતિથિ વિશેષ જય પંચોલીનું બુકે અને મોમેન્ટોથી સ્વાગત કરાયુ.

તા. ૨૯.૦૪.૨૦૧૯ સોમવાર રવિશંકર રાવલ કલાભવન એલીસબ્રિજ ખાતે અમદાવાદ રીજનના ઓર્ગેનાઇઝીંગ ગ્રુપ દ્વારા કેન્દ્રિય વિદ્યાલય ગુજરાતના કલાશિક્ષકોનાં ચિત્રોનું ગ્રુપ એકઝીબીશન યોજાયું અન્ય મહેમાનો સાથે કલાગુરૂ શ્રી જય પંચોલીનું બુકે અને શાલ ઓઢાડી સ્વાગત કરાયુ.

સમાજ આ મેળવેલી સિદ્‌ધિઓ બદલ ગૌરવ અનુભવે છે...

## શ્રી પંચોલી સેવા મંડળ-રાજપીપલા

શ્રી પંચોલી સેવા મંડળને નીમે મુજબનું દાન મળ્યુ છે.

પાંચ વર્ષ સુધી દર વર્ષે વ્યાજ વપરાશ દાન (ફંડ)નો બીજો હપ્તો.

૨૦,૦૦૦ શ્રી કિશોરભાઇ ચીમનભાઇ પંચોલી

૧૫,૦૦૦ શ્રી ઠાકોરભાઇ તથા ભૂપેન્દ્રભાઇ વી. પંચોલી

૧૦,૦૦૦ શ્રી શૈલેષભાઇ ઉમંગભાઇ પંચોલી

૧૧,૦૦૦ શ્રી જયપ્રકાશ દત્તુભાઇ પંચોલી

૧૦,૦૦૦ શ્રી દીનબંધુ મનહરભાઇ પંચોલી

૫,૦૦૦ શ્રીમતિ જ્યોતિષબેન તથા ઠાકોરભાઇ વી. પંચોલી

૫,૦૦૦ શ્રી અરવિંદભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી

૫,૦૦૦ શ્રી રસિકભાઇ ડી. પંચોલી

૫,૦૦૦ શ્રી ધર્મેન્દ્રભાઇ રસિકભાઇ પંચોલી-અમી સ્ટુડીયો

૫,૦૦૦ શ્રી ચંદ્રકાંત પ્રેમાનંદભાઇ પંચોલી

અન્ય દાન

૨૫૧ શ્રીમતિ મંજુલાબેન તથા શ્રી ચંદ્રકાંતભાઇ પ્રેમાનંદભાઇ પંચોલી-મેરેજની ૫૦મી એનીવર્સરી નિમિત્તે

૨૫૧ શ્રી શાંતિલાલ વી. મપારા-જન્મદિન નિમિત્તે

૧૫૧ સ્વ. ભીખાભાઇ રણછોડભાઇ પંચોલી-બહાદરપુર વાલાના સ્મરણાર્થે હ. ગીતાબેન વિજયભાઇ

૧૧૦૧ સ્વ. ડાહ્યાભાઇ મગનલાલ પંચોલી(બચુદાદા) હસ્તે ભાવનાબેન કૃષ્ણકાંત મપારા

૨૦૧ શ્રીમતિ નેહાબેન તથા શ્રી કૃણાલકુમાર શાંતિલાલ મપારા તરફથી પુત્રી ધ્યાનાના જન્મ નિમિત્તે..

## શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર

તા. ૫.૦૫.૨૦૧૯ના રોજ શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર તથા શ્રી પંચોલી મહિલા મંડળ, તથા સ્વયં ગ્રુપની એક સંયુકત પીકનીક કમ સામાન્ય સભા અંકલેશ્વર સ્થિત બાકરોલ ખાતે આવેલ કાલીમંદિર ખાતે સાંજે ૪.૩૦ કલાકે યોજવામાં આવી હતી. પ્રથમ પ્રથમ સમૂહમાં પ્રાર્થના બાદ દિવંગત સ્વ. બાબુભાઇ, ગં.સ્વ. રેશ્માબેન તથા સ્વ. રતિલાલભાઇને શ્રધ્ધાંજલી આપી બે મિનિટ મૌન પાળ્યુ હતું.

આકાંક્ષા-૩ અંગે વિસ્તૃત રૂપરેખા ડો. મહેશભાઇએ માહિતી આપી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બધાના સુચનો મંગાવ્વામાં આવ્યા. ડો. વિસ્મયભાઇએ ડિસેમ્બરના છેલ્લા રવિવારે આયોજન કરવાનું સજેશન આપ્યું હતું. હોલ બુકિંગની જવાબદારી અજયભાઇ પંચોલીને સોપી, અંકલેશ્વર એકમનો અત્યાર સુધીનો ઇતિહાસ સંક્ષેપમાં તૈયાર કરવાની જવાબદારી શ્રી ચેતનભાઇને સોંપવામાં આવી. આકાંક્ષાનો પોગ્રામ ચિરઃસ્મરણિય બની રહે તેવો બનાવવાની તૈયારી માં જોડાવા સૌને આહ્‌વાન કરવામાં આવ્યું.

વાર્ષિક પોગ્રામ અંગે ચર્ચા કરતા તા. ૦૯.૦૬.૨૦૧૯ના રોજ વાર્ષિક કાર્યક્રમ-ઇનામ વિતરણ તથા સામાન્ય સભાનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું. તથા નીચે મુજબની કમિટિ બનાવવામાં આવી.

મનોરંજન : શ્રીમતિ સોનલ મનોજભાઇ પંચોલી

ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી

એકાઉન્ટ : અખિલ મહેતા, હિતેશ મિસ્ત્રી, મૌલિક મિસ્ત્રી

જમણવાર : રમણભાઇ, પરેશભાઇ, નિતિનભાઇ

ઇનામો : હિરલબેન

લાઇટીંગ પ્રશાંત પંચોલી અને નોટબુક વિતરણ માટે રમણભાઇ છગનભાઇ પંચોલીને નીમવામાં આવ્યા.

વાર્ષિક પોગ્રામ માટે રજી. ફી વ્યક્તિ દીઠ રૂા. ૫૦/- તા. ૨૫.૦૫.૨૦૧૯ સુધીમાં, તા. ૫.૬.૨૦૧૦ માટે રૂા. ૧૦૦/- તથા તા. ૬.૬.૨૦૧૯ બાદ રૂા. ૧૫૦ લેવાનું નક્કી કરવામાં આવ્યું.

નોટબુક માટે રીઝલ્ટની ઝેરોક્ષ તા. ૨૫.૦૫.૨૦૧૯ સુધીમાં ભરૂચ ખાતે શ્રી ચેતનભાઇ તથા અંકલેશ્વર ખાતે રમણભાઇ- વિસ્મયભાઇ તથા પ્રશાંતભાઇને જમા કરાવવી.

ત્યારબાદ વિવિધ રમતો રમ્યા.. અંતમાં ભાજીપાવ અને મંચુરીયનને ન્યાય આપી છુટા પડયા.

## શ્રી પંચોલી સમાજ-સંખેડા

શ્રી પંચોલી સમાજ સંખેડાને નીચે મુજબનું દાન મળ્યુ છે.

૧૧૦૧ ધમણાચા-મહેશભાઇ બાલુભાલ પંચોલી તરફથી ભાણી આશાબેનના મોસાળા નિમિત્તે.

૧૧૧૧ રાજેશભાઇ જેઠાલાલ પંચોલી-સંખેડા

૨૦૦૧ ચંદુભાઇ જીવરામભાઇ પંચોલી તરફથી ચિ. રીતેશના લગ્ન નિમિત્તે.

૧૧૧૧ વડોદરા નિવાસી અશોકકુમાર જયંતીલાલ પંચોલી તરફથી ભાણી દર્શનાના મોસાળા નિમિત્તે.

૧૫૦૧ વડોદરા(તેજગઢ) નિવાસી દિલીપભાઇ શાંતિલાલ પંચોલી તરફથી ચિ. શીવના લગ્ન નિમિત્તે.

૭૫૧ સંખેડા નિવાસી રીકીનભાઇ જયંતિલાલ પંચોલીના ધર્મપત્ની અ.સૌ. શ્વેતાના શ્રીમંતસંસ્કારવિધિ નિમિત્તે.

# મહિલા સમાચાર

## શ્રી પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

શ્રી પંચોલી ભગીની સમાજ રાજપીપલાની કારોબારીની મિટિંગ તા. ૪.૫.૨૦૧૯ના રોજ નયનાબેન પંચોલીને ત્યાં રાખવામાં આવી. પ્રથમ પ્રાર્થના કરી અવસાન પામેલ મૃતજનો માટે બે મિનિટ મૌન પાડયું.

જામફળના શરબતથી સૌનું વાગત કર્યુ. પ્રોજેક્ટ મુજબ જેલી બનાવવાની હરિફાઇ રાખવામાં આવી હતી. સર્વે બહેનો ઘરેથી સુંદર જેલી બનાવી લાવી હતી. જેના વિજેતા પ્રથમ : જયશ્રીબેન ડી. પંચોલી, દ્વિતીય : રાજશ્રીબેન એમ. પંચોલી અને તૃતીય ઉષાબેન એમ. પંચોલી થયા હતાં. આજની હરિફાઇના ઇનામોના સ્પોન્સર નયનાબેન પંચોલી હતાં. નિર્ણાયક તરીકે મુંબઇથી પધારેલ શ્રીમતિ ત્રિવેણીબેને સેવા આપી હતી.

તા. ૧.૫.૧૯ના રોજ ગુજરાત સ્થાપના દિન નિમિત્તે બહેનોએ બે શબ્દો કહ્યા હતાં. હાઉસી અને જનરલ નોલેજની ગેમ રમ્યા. ત્યારબાદ ભોજન માટે હોટલમાં જઇ ભોજન લીધું. આવતી મિટિંગ રાજશ્રીબેન પંચોલીને તયાં રાખવાનું નક્કી થયું.

અવસાન પામેલ કિશનભાઇ મપારાના સસરા ડાહ્યાભાઇ મગનભાઇ પંચોલી-ખડગદાવાલા તથા ગીતાબેનના પીતા ભીખાભાઇ પંચોલીના આત્માની શાંતિ માટે તેમને ત્યાં જઇ ભજન અને ગીતાના પાઠ કર્યા હતા. અને શોક સંદેશો પાઠવ્યો હતો..

૧૦૧ ગીતાબેન ભીખાભાઇ પંચોલી તરફથી ભીખાભાઇના સ્મરણાર્થે

૨૫૦ ડાહ્યાભાઇ મગનભાઇ પંચોલી-ખડગદાવાલા ના સ્મરણાર્થે ભેટ મળી.

## શ્રી પંચોલી મહિલા મંડળ-સુરત

શ્રી પંચોલી મહિલા મંડળની મિટિંગ તા. ૨૩.૦૨.૨૦૧૯ના રોજ અઠવાલાઇન્સ ચોપાટી ગાર્ડનમાં રાખવામાં આવી હતી. તેમાં બધા સભ્યો ઘરેથી વિવિધ વાનગીઓ બનાવીને લાવ્યા હતા. આજની મિટિંગ ડબ્બા પાર્ટી અને વાનગી હરિફાઇ તરીકે હતી. ૧૫ સભ્યો હાજર રહા હતાં. એનોને વિવિધ વાનગીઓ બનાવી હતી. જેમાં દાળવડા, બટાકાવડા, લોચો, ત્રિરંગી ઇદડા, ડેઝર્ટ, ચાટ, થેપલા, મેથી પાલક મુઠીયા, મસુરની બિરયાની, ખીચુ વિગેરે જેમાં બેસ્ટ વાનગી મનિષાબેન પંચોલી અને ભારતીબેન મિસ્ત્રી ની હતી. સર્વેએ વિવિધ વાનગીઓનો આસ્વાદ માણ્યો હતો. અંતમાં ગેમ રમી છુટા પડયા હતાં..

રૂા. ૨૦૧ અનુરાધા મહેતા તરફથી હિરાલાલ અમૃતલાલ મહેતા અને ઇન્દુબેન હિરાલાલ મહેતા.

૨૦૧ ગીતાબેન મારફતીયા તરફથી કશીસના જન્મદિન નિમિત્તે..

## શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઈ



તા. ૪.૦૫.૨૦૧૯ને શનિવારના રોજ ભગીની સમાજ મુંબઇ તરફથી 'ગ્લોબલ પેગોડા'ના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તરફથી અમૃત મહોત્સવના પ્રથમ પ્રવાસ મંડળ તરફથી સ્પોન્સર કર્યો હોવાથી બહેનોમાં અનેરી ખુશી હતી.. ૨૮ બહેનો સવારે ૧૦ કલાકે ભાયંદર સ્ટેશને પહોંચી ગયા હતા. ત્યાંથી બસ દ્વારા આનંદ કરતા પેગોડા પહોંચી ગયા. બસમાં પંચોલી ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ અનુરાધા કાપડિયા તરફથી સૌ ને ફ્રુટી આપવામાં આવી હતી.

બુધ્ધ ભગવાનની પ્રતિમાના દર્શન કરી ત્યાંની કલાકૃતિ નિહાળી. બપોરે ૧.૦૦ કલાકે છોલે-પુરી, મીક્સ વેજીટેબલ શાક તથા દાળ-ભાત છાસને ન્યાય આપી ત્યાંના ગાર્ડનમાં સામાન્ય સભા રાખવામાં આવી. જેમાં આગામી કાર્યક્રમ વિષે ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ હાઉસી રમ્યા.

મેડીટેશન માટે જઇને મનને શાંતી પ્રાપ્ત કરી. ગ્લોબલ પેગોડાની સ્થાપના અંગેની માહિતી ચલચિત્ર દ્વારા માણી. સંદર અને રમણીય સ્થળના પ્રવાસથી સૌ આનંદ પામ્યા. શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રી તરફથી સૌને તથા પંચોલી ભગીની સમાજ તરફથી સૌને વેફર્સ આપવામાં આવી. સાંજે ૬.૦૦ કલાકે છુટા પડી ઘરની વાટ પકડી..

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૦૬.૦૩.૨૦૧૯ના રોજ માર્ચ મહિનાની મિટિંગ પ્રિતવંતીબેન ગજેન્દ્રભાઇ પંચોલીને ત્યાં રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ અંકલેશ્વર એકમના માજી પ્રમુખ શ્રી બાબુભાઇ




હરગોવિદદાસ પંચોલી તથા અંકલેશ્વર મહિલા મંડળના સભ્ય ગં.સ્વ. રેશ્માબેન સંજયકુમાર પંચોલીનું નિધન થતા શ્રધ્ધાંજલી આપી.

પ્રોજેક્ટ અનુસાર સ્ત્રીરોગ નિષ્ણાંત ડો. ભૂમિકાબેન હાજર રહી સ્ત્રીરોગ અંગે વિશેષ માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. શ્રીમતી કેતકીબેને તેમનો પરિચય આપ્યો હતો. માર્ચ માસમાં વુમન્સ ડે નિમિત્તે દક્ષાબેને તથા સ્નેહાબેને બે શબ્દો કહ્યા. સ્નેહાબેને મેમરી ગેમ રમાડી તથા ઈનડોર ગેમ રમાડી વિજેતાઓને ઇનામથી નવાજ્યા. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વિશ કરી ગીફ્ટ આપવામાં આવી.

૧૫૧ સોનલ મનોજભાઇ પંચોલી તરફથી શ્રેયાના લગ્ન નિમિત્તે. તથા

૫૧ સોનલબેન મનોજભાઇ પંચોલી તરફથી પિતાશ્રીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે.

૫૦ મીનાબેન છગનભાઇ મિસ્ત્રી તરફથી છગનભાઇની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે.

૫૦ પ્રીતવંતીબેન ગજેન્દ્રભાઇ પંચોલી તરફથી એનીવર્સરી નિમિત્તે.

૫૦ કલ્પનાબેન કનુભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે.

પિકનીક અને સામાજિક સંસ્થાની મુલાકાત માટે ચર્ચા વિચારણા કરવામાં આવી. અગામી મિટિંગ પિકનીક તરીકે લેકવ્યુ ગાર્ડનમાં રાખવાનું નકકી કરવામાં આવ્યું. અંતમાં અલ્પાહાર અને ઠંડા પીણાને ન્યાય આપી છુટા પડયા.

તા. ૧૩.૦૪.૨૦૧૯ના રોજ લેક વ્યુ ગાર્ડનમાં પીકનીક બપોરે ૪.૩૦ કલાકે રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી રતિલાલભાઇ હરકીશનદાસ પંચોલીનું નિધન થતા તેમને

શ્રધ્ધાંજલી આપવામાં આવી. ગત મિટિંગનો અહેવાલ કેતકીબેને વાંચી સંભળાવ્યો.આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વિશ કરી ગીફ્ટ આપવામાં આવી હતી.
ગીતાબેન રાજેન્દ્રભાઇ મિસ્ત્રીએ વન મિનિટ ગેમ રમાડી હતી. વિજેતાઓને ઇનામ આપવામાં આવ્યા.
ડે એન્ડ નાઇટ અને હેલ્પ હોમની રમત રમાડી હતી. સ્નેહાબેન તરફથી સૌને સરપ્રાઇઝ ગીફ્ટ આપવામાં આવી હતી. સૌએ પીકનીકનો આનંદ મોજ-મસ્તીથી લૂટયો હતો..

રૂા. ૧૦૦ શીલાબેન નિતિનભાઇ પંચોલી પુત્રી નિશિતાના લગ્ન નિમિત્તે.

રૂા. ૫૦ હેતલ નિમેષભાઇ મિસ્ત્રી-એનીવર્સરી

ગીતાબેન તરફથી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. આવતી મિટિંગમાં સામાજિક સંસ્થાની મુલાકાત માટે અંકલેશ્વર સ્થિત પીટીટ લાયબ્રેરીની મુલાકાત લેવાનું નક્કી કર્યુ. આગામી મિટિંગ દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રછને ત્યાં અથાણા હરિફાઇ સાથે રાખવાનું નક્કી કરી છુટા પડયા.

તા. ૫.૫.૨૦૧૯ના રોજ પાનોલી ખાતે આવેલ મહાકાળીના મંદિરે અંકલેશ્વર એકમ, સ્વયં ગ્રુપ અને મહિલા મંડળની સંયુકત મિટિંગ રાખવામાં આવી હતી. જેમાં વાર્ષિક પોગ્રામ અને આકાંક્ષા-૩ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ક્રિના અને ખુશ્બુએ મને ઓળખો ગેમ રમાડી. અંતમાં પાવભાજી અને મંચુરીયનો સ્વાદ માણી છુટા પડયા.

તા. ૧૦.૦૫.૨૦૧૯ના રોજ પ્રોજેકટ અનુસાર સામાજિક સંસ્થાની મુલાકાત સંદર્ભે અતિ પ્રાચીન પીટીટ લાયબ્રેરીની મુલાકાત લીધી હતી. પ્રથમ પ્રાર્થના કરી. ગત મિટિંગનો અહેવાલ વાંચ્યો. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વીશ કરી ગીફ્ટ આપી. લાયબ્રેરીયન બેને સમગ્ર લાયબ્રેરીમાં ફેરવીની વિવિધ માહિતી આપી. મોબાઇલના યુગમાં ભુલાતુ જતું વાંચનને જીવીત રાખવા લાયબ્રેરીની ખૂબ જ જરૂરીઆત છે...

રૂા. ૫૧ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી-એનીવર્સરી

રૂા. ૫૧ દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી-એનીવર્સરી

૧૦૨ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી-બર્થડે અને એનીવર્સરી નિમિત્તે.

અંતમાં ગમ્મત સાથે જ્ઞાનની પ્રાપ્તિ કરી છુટા પડયા.

## શ્રી પંચોલી મહિલા મંડળ-બીલીમોરા

શનિવાર તા.૧૧ મે ના રોજ બીલીમોરા મહિલા મંડળની સામાન્ય સભા શ્રીમતી બીનાબેન ભરતભાઈ પંચોલી ના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી .તેમાં મોટી સંખ્યામાં બહેનો હાજર રહી હતી .સૌ પ્રથમ ગાયત્રીમંત્ર બોલી મીટીગ ની શરૂઆત કરી હતી. ત્યારબાદ મે મહિનાના બીજા રવિવારે આવતા મધર્સ ડે નિમિત્તે શ્રીમતી બીનાબેને ટૂંકમાં સમજાવ્યું હતું .માતા ને લગતાં ગીતો સૌ એ સાથે મળીને ગયા હતા. ૧ લી મે ના રોજ ઉજવાયેલ ગુજરાત સ્થાપના દિન નિમિત્તે નું ગીત પ્રમુખશ્રી શોભાબેને લખ્યું હતું તે માનનીય કાશ્મીરાબેને રજુ કર્યું હતું. ૧૪મી મે ના રોજ આવતા ભારતીય બંધારણના ઘડવૈયા સ્વ. શ્રી. ભીમરાવ આંબેડકર વિષે જયશ્રીબેને રજૂઆત કરી હતી.

શ્રીમતી ઉર્મિલાબેને અને ભાવનાબેને જાતજાતના અથાણાં વિષે માહિતી આપી હતી તથા અથાણાં ને સાચવવા માટે રાખવી પડતી તકેદારી વિષે જાણકારી આપી હતી. ત્યારબાદ બધાં સાથે મળી નજીકમાં આવેલ સોમનાથ મંદિરે દર્શન કરવા ગયા હતા. ભગવાન શંકરદાદા ના દર્શન કરી મંદિરના પ્રાંગણમાં આવેલ બગીચામાં બેસી બધાં રમત રમ્યા હતા.

અંતે ફરાળી ચેવડો અને આઈસ્ક્રીમ નો આસ્વાદ માણી સૌ છુટા પડ્યા હતા.

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

કરોબારી સભ્યોની મિટિંગ તા. ૨૬.૪.૨૦૧૯ને શુક્રવારના રોજ જ્યોતિબેન એસ. પંચોલીના નિવાસ સ્થાને બપોરના ૩.૩૦ કલાકે રાખવામાં આવી હતી. જ્યોતિબેને કેરીના બાફલાનું શરબત પીવડાવી બધાનું સ્વાગત કરવામાં આવ્યું.
મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. જ્યોતીબેને ભજન ગવડાવ્યું. દિવંગત આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. આનંદીબેને ગત મિટિંગમાં થયેલ કાર્યવાહીના અહેવાલનું




વાંચન કર્યુ.

આજરોજ શરબતની કોમ્પીટીશન રાખવામાં આવી હતી. બધી બહેનો અલગ અલગ આરોગ્યલક્ષી શરબત બનાવી લાવ્યા હતા. નિર્ણાયક તરીકે શ્રીમતિ પરમેશ્વરી બેનને નિયુકત કરવામાં આવ્યા હતા. તેમણે સ્વાદ, કોન્ટીટી અને હેલ્દીના આધારે વિજેતાઓ પસંદ કરવામાં આવ્યા હતાં. વિવિધ શરબતો જોઇ જ્યોતિબેન તરફથી ચાર ઇનામ આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ નિકુંજબેન, દ્વિતીય શીલાબેન , તૃતીય આનંદીબેન અને ચતુર્થ પ્રિતીબેન વિજેતા થયા હતાં. વિજેતા બહેનોને અભિનંદન પાઠવ્યા હતાં. જ્યોતિબેન તરફથી પેટપૂજા હોટલમાં કાઠીયાવાડી ભોજન રાખવામાં આવ્યું હતું. હોટલ પર જ્યોતિબેને વનમિનિટ ગેમ રમાડી હતી. હાઉસી પણ રમ્યા. ગેમ માં પ્રથમ જ્યોતિબેન કે. અને દ્વિતીય નીમાબેન વિજેતા થયા હતાં.

શરબત કોમ્પીટીશન તથા ગેમના વિજેતા બહેનોને જ્યોતિબેન એસ. તરફથી ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સુંદર આયોજન અને કાઠીયાવાડી ભોજન માટે સુરેખાબેને જ્યોતિબેન, પરમેશ્વરીબેન અને પરિવારજનોનો ખૂબ આભાર માન્યો હતો. આગામી મિટિંગ સુરેખાબેન બી.ના ઘરે રાખવામાં આવી તેની જાણ કરી છુટા પડયા.

# હા હું ગુજરાત



જય જય ગરવી ગુજરાત,
હા, હું ગુજરાત છું.
નર્મદને, જીવરાજ મહેતા,
ગાંધીને, સરદાર પટેલના
સ્વપ્નનું ગુજરાત.
મોરારી બાપુ ની રામકથા,
રમેશભાઇ ઓઝાના ભજનો.
ગંગાસતી ના મોતીડાને
તોરલ સતીના એક્તારામાં
ગુંજારવ કરતું ગુજરાત.
મારી છાતી પર છે,
અશોકના શિલાલેખ ને,
પાવાગઢનું ચાંપાનેર,
વડનગરનું તોરણ ને લોથલનું બંદર,
ને ધોળાવીરા નો ટીંબો.
મારી બૌધ્ધ ગુફાઓમાં ગુંજે છે.
બુધ્ધમ શરણમ ગચ્છામી નો ગુંજારવ
ને નવકારના જૈનમ જીવતિ શાસનમ ના સૂર
હા, હું ગુજરાત છું.
મારી જીભેથી સ્વાદના રસ ઝરે છે.
સુરતની ઘારી ને રતાળુ પૂરીનો
વડોદરા નો ચેવડો, રાજકોટના પેંડા ને
ભાવનગરના તીખા તમતમતા ગાંઠિયા નો
હા, હું ગુજરાત છું.
અહી છે તાનારીરીના સૂર ને
ડાલા માથ્થા સાવજની ડણક.
રજવાડી મહેલો થી ઓપતું
ને તાપી, નર્મદા, મહી
જેવી પુણ્ય સલિલા થી શોભતું.
હા, હું ગુજરાત છું
હું પાટણ ની પ્રભુતા છું તો પીળા રૂમાલની
ગાંઠ પણ છું.
હું મિયાં ફૂસકી ને ગલબો શિયાળ પણ છું તો
તારક મહેતાનો ટપુડો પણ હું જ છું.
પતંગનો માંજો ને નવરાત્રીના દાંડિયા છું
હોળી નો ગુલાલ ને, દિવાળી ની રંગોળી પણ
હું જ છું.
હા, હું ગુજરાત છું
સોમનાથનો હરહર મહાદેવ નો ટંકારવ હું છું.
જય સ્વામિનારાયણનો નાદ પણ છું;
ને ગીરા નાં ધોધનો ગુંજારવ પણ હું જ
છું.
સયાજીરાવ ગાયકવાડ ને
ભગવતસિંહજી પણ હું જ છું.
રવિશંકર રાવલ અને કનુ દેસાઇ
પણ હું જ છું.
શ્વેત ધવલ દાઢીમાં શોભતા
નવસારીના
દાદાભાઇ નવરોજજી પણ હું જ છું.
દૂરદ્રષ્ટા ધીરુભાઇ અંબાણી;
ને મારા પ્રાણસમો નરબંકો અને
દૂરંદેશી,
નરેન્દ્ર મોદી પણ હું જ છું.
૧૯૬૦ ની ૧ લી મેં એ જન્મેલું,
આજે ૨૦૧૯માં સીનીયર સિટિઝન
બનવા જઇ રહેલું
હા, હું ગુજરાત છું.

શોભા કિશોરભાઇ મિસ્ત્રી "અક્ષય"
બીલીમોરા.


શ્રી જીતેન્દ્રભાઇ છગનલાલ મિસ્ત્રી અમદાવાદ શ્રી રમેશચંદ્ર મગનલાલ પંચોલી છોટાઉદેપુર

# ૨૫મી મેરેજ એનીવર્સરી



સુરત નિવાસી શ્રીમતિ વૈશાલીબેન અને શ્રી ઉમેશભાઇ ભોગીલાલ પંચોલી તા. ૨૩.૦૫.૨૦૧૯ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે..



સુરત નિવાસી શ્રીમતિ રીટાબેન અને શ્રી રાજેન્દ્રભાઇ નટવરલાલ પંચોલી તા. ૧૫.૦૨.૨૦૧૯ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે..



રાજપીપલા નિવાસી શ્રીમતિ મંજુલાબેન અને શ્રી ચંદ્રકાંતભાઇ પ્રેમાનંદભાઇ પંચોલી તા. ૦૫.૦૫.૨૦૧૯ના રોજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે..

સમગ્ર પંચોલી સમાજ લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...


# એક વાર જાવુ હરીના ધામમાં




મુંબઇ ગોરેગાંવ નિવાસી શ્રી પ્રવિણચંદ્ર ડાહ્યાભાઇ મિસ્ત્રી તા.૦૫.૦૫.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. : ૭૭



બુહારી નિવાસી અ.સૌ. વાસંતીબેન (શારદાબેન) બાલુભાઇ પંચોલી તા.૧૪.૦૫.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. : ૭૮



સુરત નિવાસી ચંપકલાલ છબીલદાસ પંચોલી તા. ૨૫.૦૪. ૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. ૯૦



રાજપીપલા(ખડગદા) નિવાસી ડાહ્યાભાઇ મગનલાલ પંચોલી તા.૪.૦૫.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે.



રાજપીપલા(બહાદરપુર) નિવાસી ભીખાભાઇ રણછોડદાસ પંચોલી તા. ૦૧.૦૫.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે.

## આપણું ગૌરવ



વડોદરા નિવાસી શ્રીમતિ વંદનાબેન હરીશકુમાર પંચોલીએ વડોદરા સયાજીનગરીને કર્મભૂમિ બનાવી. નગર પાલિકા પ્રા. શિક્ષણ સમિતિ સંચાલિત ભકત કવિ નરસિંહ મેહતા પ્રા. શાળા(બપોર) દંતેશ્વર શાળામાં ૧૯૯૮થી ફરજ બજાવતા શ્રીમતિ વંદનાબેન હરીશકુમાર પંચોલીએ ૧૮ વર્ષના અનુભવે 'શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' તથા ૨૦ વર્ષના અનુભવે દિલ્હી સંચાલિત 'અવન્તિકા' સંસ્થા તરફથી શ્રેષ્ઠ આચાર્યાનો અટલ સન્માન એવોર્ડ' મેળવ્યો છે..

સમગ્ર પંચોલી સમાજ તેમની સેવાને બિરદાવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે....

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૫૦૧/- ખડગદા હાલ રાજપીપલા નિવાસી ડાહ્યાભાઇ મગનલાલ પંચોલીના સ્મરણાર્થે પરિવાજનો તરફથી.

રૂા. ૨૦૧/- રાજપીપલા નિવાસી શ્રીમતિ નેહાબેન તથા શ્રી કૃણાલકુમાર કૃષ્ણકાંત એસ. મપારાને ત્યાં પુત્રી ધ્યાના જન્મ નિમિત્તે.

રૂા. ૨૫૧/- રાજપીપલા નિવાસી શ્રીમતિ મંજુલાબેન તથા શ્રી ચંદ્રકાંત પ્રેમાનંદભાઇ પંચોલીની ૫૦મી એનીવર્સરી નિમિત્તે..

રૂા. ૨૫૧/- શાંતિલાલ વિ. મપારા તરફથી જન્મદિન નિમિત્તે.

રૂા. ૨૫૧/- અંકલેશ્વર નિવાસી શ્રીમતિ ખુશ્બુ તથા ડો. વિસ્મય મહેશભાઇ મિસ્ત્રી તરફથી ચિ. ધ્યાનની બીજી વર્ષગાંઠ નિમિત્તે..




## હેપી બર્થડે....

ચિ. ધ્યાન વિસ્મય મિસ્ત્રી
મિસ્ત્રી-અંકલેશ્વર
તા. ૨૨.૦૬.૨૦૧૬

## દેવના દીધેલ



રાજપીપલા નિવાસી શ્રી કૃણાલકુમાર કૃષ્ણકાંત એસ. મપારાને ત્યાં તા. ૨૪.૦૪.૨૦૧૯ના રોજ પુત્રીરત્ન 'ચિ. ધ્યાના' નો જન્મ થયો.
માતા : નેહાબેન



મુંબઇ નિવાસી શ્રી ચિંતનકુમાર પ્રદિપભાઇ પંચોલીને ત્યાં તા. ૧૬.૦૫.૨૦૧૯ ના રોજ પુત્રીરત્ન નો જન્મ થયો.
માતા : અનુરાધાબેન

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી રમણલાલ છોટાલાલ પંચોલી છોટાઉદેપુર | શ્રી ઓચ્છવલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : (D)98241 71930, (M) 98240 64282. Email : pancholinavyug@gmail.com**